પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૪૨ • કુલ પાના : ૪ • તારીખ : ૦૭-૦૨-૨૦૨૩ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### તુર્કીમાં ભયાનક ભૂકંપ બાદ દેશમાં ઈમરજન્સી જાહેર કરાઈ

## વિનાશક ભૂકંપમાં તુર્કીમાં ૧૯૫ મોત, સીરિયામાં ૪૨ મોત, સેંકડો ઈમારતો જમીનદોસ્ત થઈ



ગાજિયનટેપ,

દક્ષિણ તુર્કીમાં ૭.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. મળતી માહિતી મુજબ, તુર્કીના દક્ષિણમાં ગાજિયનટેપમાં સૌથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ન્યૂઝ એજન્સી એએફપી અનુસાર, આ વિનાશક ભૂકંપને કારણે અત્યાર સુધીમાં તુર્કીમાં ૫૩ અને સીરિયામાં ૪૨ લોકોના મોત થયા છે. તુર્કીમાં સાઉદી અરબ દૂતાવાસ દ્વારા કહેવામાં આવ્યું છે કે તેમના સાત નાગરિકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. ઓછામાં ઓછી ૧૫૦ ઈમારતો પણ ધરાશાયી થઈ છે. જાન-માલનું ભારે નુકસાન થયું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. જ્યારે ૭ થી ૭.૯ રિક્ટર સ્કેલ પર ભૂકંપ આવે છે. ત્યારે ઈમારતો ધરાશાયી થાય છે. જમીનની અંદર પાઈપો ફૂટી. સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. જેમાં તબાહીનું દ્રશ્ય જોવા મળે છે. જમીન પર મોટી ઈમારતો દેખાય છે.

તુર્કીમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ઘણી એજન્સીઓ લોકોને બચાવવામાં વ્યસ્ત છે. અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. તેમની અંદર લોકો દટાયા હોવાની પણ આશંકા છે. આ સિવાય ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, સાયપ્રસ, લેબેનોન, ઈરાકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. અગાઉ તુર્કી-ઈરાન બોર્ડર પર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ આંકવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર જે પ્રકારનો વીડિયો પોસ્ટ થઈ રહ્યો છે તે હેરાન કરનારા છે. લોકો અહીં અને ત્યાં દોડી રહ્યા છે. જમીન પર મોટી ઈમારતો દેખાય છે.


તબાહીનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સીરિયા, લેબનોન, ઈઝરાયેલ, પેલેસ્ટાઈન અને સાયપ્રસ અને ઈરાક સુધી આંચકા અનુભવાયા છે. આ ભૂકંપ ૧૭.૯ કિલોમીટરની ઉંડાઈએ આવ્યો હતો અને તેનું કેન્દ્ર ગાઝિયનટેપ શહેરની નજીક હતું.તુર્કીમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ઘણી એજન્સીઓ લોકોને બચાવવામાં વ્યસ્ત છે. અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. તેમની અંદર લોકો દટાયા હોવાની પણ આશંકા છે. આ સિવાય ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, સાયપ્રસ, લેબેનોન, ઈરાકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. અગાઉ તુર્કી-ઈરાન બોર્ડર પર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ આંકવામાં આવી હતી. જમીન પર મોટી ઈમારતો દેખાય છે.પોલીસ અને બચાવ ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે. જોકે કેટલું નુકસાન થયું છે, મોટા માઈક દ્વારા જાહેરાતો કરવામાં આવી રહી છે કે લોકો તેમના ઘર છોડીને ખુલ્લા વિસ્તારોમાં જાય. લોકો અહીં અને ત્યાં દોડી રહ્યા છે. કાટમાળ પડેલો છે. ભૂકંપ એટલો તીવ્ર હતો કે લોકોને બચવાની તક મળી ન હતી. રિક્ટર સ્કેલ પર ૭ થી ઉપરનો ભૂકંપ ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે.

તુર્કીયેના રાષ્ટ્રપતિ રેજબ તૈયબ ઈરદુગાને ટ્વિટ કરીને કહ્યું કે ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં બચાવ કાર્ય ચાલુ છે. ભૂકંપ દરમિયાન ઓછામાં ઓછા ૬ ઝટકા લાગ્યાં. ઈરદુગાને લોકોને અપીલ કરી કે તેઓ ધરાશાયી ઈમારતોમાં પ્રવેશ કરે નહીં.યૂનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે ના જણાવ્યા પ્રમણે પહેલાં ભૂકંપનું કેન્દ્ર કહરામનમારસ પ્રાંતના ગાઝિયાન્ટેપ શહેરથી ૩૦ કિલોમીટર દૂર અને જમીનથી લગભગ ૨૪ કિલોમીટર નીચે હતું. લોકલ સમય પ્રમાણે આ ભૂકંપ સવારે ૪.૧૭ મિનિટે આવ્યો. તેની ૧૧ મિનિટ પછી ૬.૭ તીવ્રતાનો બીજો ભૂકંપ પછી ૧૯ મિનિટ પછી ૫.૬ તીવ્રતાનો ત્રીજો ભૂકંપ પણ આવ્યો. અનેક લોકો કાટમાળ નીચે દબાઈને મૃત્યુ પામ્યા હોવાની આશંકા જણાવવામાં આવી રહી છે. લોકોને બચાવવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે.તુર્કીયેના મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, ભૂકંપ પછી નેચરલ ગેસની પાઈપલાઈન ફાટી ગઈ છે. તે પછી પાઈપલાઈનમાં આગ લાગી ગઈ છે.

નવેમ્બરમાં તુર્કીયેમાં ૬.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા એટલા તીવ્ર હતા કે રાજધાની અંકારા, ઈસ્તંબુલ અને આસપાસના વિસ્તારોમાં એનો અનુભવ થયો હતો. આરોગ્યમંત્રી ફહરેટ્ટીન કોકાએ જણાવ્યું હતું કે ૨૨ લોકો ઘાયલ થયા છે. આ લોકોએ ભૂકંપના ભયથી એક ઊંચી ઈમારત પરથી છલાંગ લગાવી હતી.

દુનિયામાં દર વર્ષે અનેક ભૂકંપ આવે છે, પરંતુ એની તીવ્રતા ઓછી હોય છે. રાષ્ટ્રીય ભૂકંપ માહિતી કેન્દ્ર દર વર્ષે લગભગ ૨૦,૦૦૦ ભૂકંપ રેકોર્ડ કરે છે, જેમાંથી ૧૦૦ ભૂકંપ એવા છે, જે વધુ નુકસાન પહોંચાડે છે. ભૂકંપ થોડી સેકન્ડ કે થોડી મિનિટો સુધી રહે છે. ઈતિહાસનો સૌથી લાંબો ભૂકંપ ૨૦૦૪માં હિંદ મહાસાગરમાં આવ્યો હતો. આ ભૂકંપ ૧૦ મિનિટ સુધી ચાલ્યો હતો.

## ગુજરાત સરકારે છેલ્લા ૧૧ વર્ષથી જંત્રીના દરમાં કોઈ વધારો નહોતો કર્યો : પૂર્વ નાયબ મુખ્યમંત્રી



ગાંધીનગર,

જંત્રીનો દર બમણો કરવાથી બિલ્ડરો અને ગ્રાહકો અટવાયા છે. આ મામલે મુખ્યમંત્રીને રજૂઆત કરવામા આવી છે. જેમાં કોઈ નિર્ણય લેવાય કે નહિ તે હજી નક્કી નથી. પરંતુ આ મામલે પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલનું નિવેદન આવ્યું છે. નીતિન પટેલે કહ્યું કે, ગુજરાત સરકારે છેલ્લા ૧૧ વર્ષથી જંત્રીના દરમાં કોઈ વધારો નહોતો કર્યો. જુદા જુદા રાજ્યોમાં દર બે ત્રણ વર્ષે જંત્રીના દરમાં નિયમિત વધારો થતો હોય છે. ગુજરાત સરકારે ગુજરાતના વિકાસ અને પ્રગતિ માટે જંત્રીના દરમાં ૧૧ વર્ષથી વધારો કર્યો ન હતો. મધ્યમ અને ગરીબ વર્ગને પોતાનું ઘર મળી રહે તે હેતુથી સરકારે જંત્રીમાં કોઈ વધારો કર્યો ન હતો. તેથી સમય મર્યાદાના અનુસંધાનમાં કરાયેલો જંત્રીમાં વધારો એ વ્યાજબી છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ જંત્રી વધારા પર કહ્યું કે, જંત્રીની આવક એ ગુજરાત સરકારને થતી કુલ આવકના પ્રમાણમાં ખૂબ જ મર્યાદિત છે. ગયા વર્ષે જંત્રી અને એના રજિસ્ટ્રેશનમાંથી લગભગ ૧૦,૫૦૦ કરોડ રૂપિયાની આવક થઈ હતી. ગુજરાત સરકારનું બજેટ સવા લાખ કરોડનું છે, જીએસટી અને વેટ સહિત અન્ય વેરાની આવકની સરખામણીમાં જંત્રીની આવક ૧૦,૫૦૦ કરોડ ગયા વર્ષે હતી, જે કુલ આવકના પ્રમાણમાં ખૂબ ઓછી હતી. જંત્રીનાં દર વધારવાથી સરકારની આવકમાં મોટો વધારો થશે એવું કાંઈ નથી. ૧૧ વર્ષથી જંત્રીના ભાવમાં કોઈ વધારો નથી થયો, તેમ છતાં અલગ અલગ ચીજોમાં ભાવવધારો થતો રહ્યો છે. સરકારી કર્મચારીઓ સહિત અન્ય સરકારના ખર્ચમાં સતત વધારો થયો છે. કોરોનાકાળ વખતે સરકારની આવક બિલકુલ બંધ થઈ હતી સામે ખર્ચ પણ સતત ચાલુ રહ્યા હતા.

પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલે કહ્યું કે જંત્રીમાં સરકારે કરેલો વધારો મારી દ્રષ્ટિએ વ્યાજબી છે, પરંતુ બમણો વધારો કરાયો છે એ જોતા બિલ્ડર અને ગ્રાહકવર્ગને આંચકો લાગે એ સ્વાભાવિક છે. જંત્રી બમણી થતા મુખ્યમંત્રીને આજે રજૂઆત પણ કરાઈ છે. મુખ્યમંત્રી એમની પદ્ધતિ પ્રમાણે તેમને મળેલી રજૂઆત પર તેમના અનુભવ મુજબ યોગ્ય નિરાકરણ કરશે, એવો મને વિશ્વાસ છે. જંત્રીમાં કરાયેલો વધારો મુદતમાં ફેરવી આપવો અથવા કેટલા ટકા વધારો કરવો એ અંગે સરકાર લોકોના હિતમાં નિર્ણય લેશે. તો જંત્રીમાં વધારા મામલે પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલે કોંગ્રેસને આડેહાથે લીધા હતી. નીતિન પટેલે કહ્યું કે, કાલે કોંગ્રેસના નેતાઓએ કહ્યું છે કે ?૪૦,૦૦૦ કરોડ ગુજરાતની જનતા પાસેથી સરકાર જંત્રી બમણી કરી ખંખેરી લેશે. કોંગ્રેસના આ આક્ષેપો પાયાવિહોણા છે. કોંગ્રેસ હજુ પણ ગુજરાતની જનતાએ ભણાવેલા પાઠમાંથી બહાર નથી આવ્યું. જો ગયા વર્ષે ૧૦,૫૦૦ કરોડની આવક સરકારને થઈ હોય અને હવે જંત્રીમાં ડબલ વધારો કરવામાં આવે તો સરકારની આવક ૨૨ થી ૨૪ હજાર કરોડ જેટલી થશે. કોંગ્રેસ આક્ષેપ કરે છે કે ૪૦,૦૦૦ કરોડનો બોજો લોકો ઉપર સરકારે નાખ્યો છે, આ કહેતા પહેલા કોંગ્રેસ વાસ્તવિક જમીન ઉપર આવે. રાજ્ય સરકાર બજેટ સત્ર પછી નવા નિયમોની અમલવારી કરે તેવું પણ બને. અગાઉ જે સોદા, વ્યવહાર થયા છે એ મુજબ ગ્રાહક અને વેચનાર વચ્ચે કોઈ વિવાદ ન થાય એ માટે સરકાર યોગ્ય નિર્ણય લેશે એવું મારું માનવું છે. સરકાર વ્યાજબી સમયગાળો પણ વધારી આપશે અને પ્રજાના હિતમાં યોગ્ય નિરાકરણ સરકાર લાવશે એવો મને વિશ્વાસ છે.

## જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા-વરસાદનુ એલર્ટ, આવતા ૨૪ કલાકમાં વરસાદનુ અનુમાન



નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ જમ્મુ કાશ્મીરમાં અમુક સ્થળોએ હિમવર્ષા અને વરસાદનુ એલર્ટ આપવામાં આવ્યુ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિલ્લી અને એનસીઆરમાં હવામાન ચોખ્ખુ રહેશે પરંતુ આવનારા સમયમાં અહીં લઘુત્તમ તાપમાન વધી શકે છે. આવતા ૨૪ કલાકમાં અમુક રાજ્યોમાં વરસાદનુ અનુમાન છે. પહાડો પર હિમવર્ષા થઈ રહી છે. અમુક જગ્યાએ હિમસ્ખલન પણ થયુ છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિલ્લીમાં ઝડપી પવનો ફૂંકાઈ શકે છે. વાદળો પણ છવાયેલા રહેશે અને તાપમાનમાં પણ ઘટાડો નોંધવામાં આવી શકે છે. દિલ્લીમાં રવિવારે સવારે લઘુત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યુ હતુ. જે આ સિઝનના સરેરાશ તાપમાનથી એક ડિગ્રી વધુ છે.

આઈએમડીના જણાવ્યા મુજબ જમ્મુ કાશ્મીર અને લદ્દાખના અમુક ભાગોમાં આગલા ૨ દિવસ દરમિયાન હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. રવિવારે ઘણા વિસ્તારોમાં રાતનુ તાપમાન સામાન્યથી વધુ નોંધવામાં આવ્યુ. ઘાટીના અમુક વિસ્તારોમાં વરસાદ થયો. હવામાન વિભાગ મુજબ કાશ્મીરમાં ઘણા સ્થળોએ તાપમાન શૂન્યથી નીચે હતુ. ૯થી ૧૧ ફેબ્રુઆરી વચ્ચે અહીં હળવાથી મધ્યમ વરસાદની વકી છે.

અરુણાચલ પ્રદેશમાં અમુક જગ્યાએ હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. વળી, આગલા ૨૪ કલાક દરમિયાન તમિલનાડુ, કેરળ, અંદમાન અને નિકોબાર દ્વીપ સમૂહ અને આસામના પૂર્વ ભાગોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

પંજાબ અને હરિયાણાની વાત કરીએ તો અહીં ઠંડીનો પ્રકોપ યથાવત છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ પંજાબના અમૃતસરમાં લઘુત્તમ તાપમાન ૭.૬ ડિગ્રી, લુધિયાણામાં ૯.૭ ડિગ્રી, ભઠિંડામાં ૬.૬ ડિગ્રી, પઠાણકોટમાં ૮.૮ ડિગ્રી નોંધવામાં આવ્યુ. હરિયાણાના હિસારમાં લઘુત્તમ તાપમાન ૯.૨ ડિગ્રી, અંબાલામાં ૧૧.૬ ડિગ્રી નોંધવામાં આવ્યુ. યુપી, બિહારમાં હજુ ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. છત્તીસગઢ, ઝારખંડ અને રાજસ્થાનમાં ઠંડીથી રાહત મળી છે.

## રાજસ્થાનમાં 'બ્લેક મની' વિરુદ્ધ IT વિભાગની કાર્યવાહી : ૫ બિલ્ડર્સ ગ્રુપ પર દરોડા

જયપુર,

આવકવેરા વિભાગે જયપુરમાં કાળા નાણાં સામે મોટી કાર્યવાહી કરી છે. કાર્યવાહી કરતાં આવકવેરા વિભાગે જયપુરમાં ૫ નામાંકિત બિલ્ડરોના જૂથો પર દરોડા પાડ્યા છે. આ પહેલા રવિવારે ટીમે આફ્રિકાની કોંગો સરકારના ચીફ એડવાઈઝર હરીશ જગતાણીને દિલ્હીની એક હોટલમાંથી પકડ્યો હતો. જગતાણી કોંગોના પ્રતિનિધિમંડળ સાથે ભારત આવ્યા હતા. આ મામલે વિભાગની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, હરીશ જગતાનીએ જયપુરના બિલ્ડર્સ ગ્રૂપ સાથે સંબંધિત એક પ્રોજેક્ટમાં જંગી કાળું નાણું રોકાણ કર્યું છે. ત્યારબાદ આવકવેરા વિભાગે આ જાણીતા બિલ્ડરોના જૂથો પર દરોડા પાડ્યા છે.

બીજી તરફ આ પહેલા રાજસ્થાન પોલીસને ચેકિંગ દરમિયાન મોટી સફળતા મળી હતી. પોલીસ રોડ પર સઘન ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન એક વાહનમાંથી એટલી રોકડ રકમ મળી આવી કે ત્યાં હાજર પોલીસકર્મીઓ ચોંકી ગયા હતા. આબુ રોડ પોલીસે રાજસ્થાનથી અમદાવાદ આવી રહેલી કારને અટકાવી હતી અને તપાસ કરતા તેમાંથી કરોડોની રોકડ મળી આવી હતી. સિરોહી નજીક આબુ રોડ પર વાહનની તલાશી દરમિયાન પોલીસે ૩ કરોડ ૯૫ હજારની રોકડ રકમ જપ્ત કરી હતી.

## દિલ્હી સરકારે જી ૨૦ની તૈયારી માટે કેન્દ્રથી ૯૨૭ કરોડ માંગ્યા

નવીદિલ્હી,

દેશમાં જી ૨૦ કાર્યક્રમોની મેજબાની સતત જારી છે.દેશના વિવિધ રાજયોમાં થનાર કાર્યક્રમો માટે રાજય સરકારે વિવિધ સ્તર પર તૈયારીઓમાં લાગી છે.દિલ્હીમાં પણ જી ૨૦ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે આવામાં દિલ્હી સરકારે કેન્દ્ર સરકારથી જી ૨૦ માટે ફંડની માંગ કરી છે.તેને લઇ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને નાણાંમંત્રી મનીષ સિસોદિયાએ કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખ્યો છે. મનીષ સિસોદિયાએ કેન્દ્રીય નાણાંમંત્રીને પત્ર લખી જી ૨૦ની તૈયારીઓને તેજીથી પુરી કરવા માટે રકમ ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે.પોતાના પત્રમાં સિસોદિયાએ કહ્યું કે જી ૨૦ની બેઠક દિલ્હીમાં યોજાવી ગર્વની વાત છે સિસોદિયાએ કહ્યું કે કેન્દ્રીય બજેટમાં દિલ્હી સરકારને કોઇ ફંડ મળ્યો નથી આથી કેન્દ્ર સરકાર જી ૨૦ની તૈયારીઓ માટે વધારાનું ફંડ ઉપલબ્ધ કરાવે આ સાથે જ તેમણે પત્રમાં કેન્દ્રને કહ્યું કે જી ૨૦ની વિશેષ તૈયારીઓ માટે ૯૨૭ કરોડ રૂપિયાની જરૂરત છે. એ યાદ રહે કે ભારતે તાજેતરમાં જી ૨૦ની અધ્યક્ષતા મળી છે આવામાં આ વર્ષ દેશ જી ૨૦ની ૫૦થી વધુ શહેરોમાં ૨૦૦થી વધુ બેઠકોની મેજબાની કરશે તેના માટે વિવિધ રાજયો ખુબ સમયથી વિશેષ તૈયારીઓમાં લાગ્યા છે.

## દક્ષિણ ગુજરાતના CNG પંપ માલિકો હડતાળ પર, ૨૫૦ જેટલા CNG પંપ સંચાલકો ૨૪ કલાક બંધ પાળશે

સુરત,

દક્ષિણ ગુજરાત ખાતે લાંબા સમયથી પડતર માગણીનો ઉકેલ ન આવ્યો હોય દક્ષિણ ગુજરાતના સીએનજી પંપધારકો દ્વારા એક દિવસીય હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. આજે દક્ષિણ ગુજરાતના સીએનજી પંપ માલિકો હડતાળ પર રહેશે.ગુજરાત ગેસના ૨૫૦ જેટલા સીએનજી પંપ ૨૪ કલાક માટે બંધ રહેશે. સરકારને વારંવાર રજૂઆત છતાં કમિશન ન વધારતા હવે બંધ પાળીને વિરોધ વ્યક્ત કરાઈ રહ્યો છે. આજે દક્ષિણ ગુજરાતના સીએનજી પંપ માલિકો હડતાળ પર ઉતર્યા છે. કમિશન મુદ્દે સરકાર સામે વિરોધ વ્યક્ત કરવા સીએનજી પંપ માલિકોએ હડતાળનું હથિયાર ઉગામ્યું છે. ગુજરાત ગેસના ૨૫૦ જેટલા સીએનજી પંપ સંચાલકોએ ૨૪ કલાક માટે બંધ પાળ્યો છે સરકારને વારંવાર રજૂઆત છતાં કમિશન ન વધારતા હવે બંધ પાળીને વિરોધ વ્યક્ત કરાઈ રહ્યો છે. જો કે આ હડતાળને લઈને CNG વાહનધારકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા દોઢ વર્ષથી સીએનજી પંપ ધારકોનું કમિશન રૂ ૧.૨૫થી વધારવાની માગ યથાવત રાખવામાં આવી હતી. પરંતુ ગેસ કંપની દ્વારા તેમની માગ નહીં સંતોષતા ફરી વાર આવતીકાલે સીએનજી પંપ બંધ રાખશે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ ગુજરાત ગેસ કંપની લિમીટેડની ફ્રેન્ચાઈઝી ધરાવતા પંપ ધારકોની મીટિંગ મળી હતી, જેમાં કંપની દ્વારા પંપ ધારકોની કરાતી સતત અવગણનાના મુદ્દે ચર્ચા થઈ હતી. જો કે આ બેઠક પડી ભાંગી હતી, પડતર માગણીના ઉકેલ લાવવામાં કરવામાં આવતા વિલંબ સામે પંપ ધારકોમાં ભારે અસંતોષ ફેલાયો હતો.

## ભારે હોબાળા વચ્ચે ત્રીજી વખત દિલ્હીને નહિ મળે મેયર, ફરી એકવખત ચૂંટણી ટળી

નવીદિલ્હી,

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આજે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ રહી છે. સતત બે વખત ચૂંટણી મોકૂફ કર્યા બાદ આ ત્રીજી વખત મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ હતી. પરંતુ આજે પણ દિલ્હીને મેયર અને ડેપ્યુટી મેયર મળશે નહિ. ફરી એકવખત MCD ચૂંટણી રદ્દ થઈ છે. એમસીડીના તમામ સભ્યોએ શપથ પહેલેથી જ લઈ લીધા છે. સવારે ૧૧થી વાગ્યાથી શરુ થયેલ મેયરની ચૂંટણીમાં ફરી હંગામો જોવા મળી રહ્યો છે. આ પહેલા આમ આદમી પાર્ટીએ પ્રોટેમ સ્પીકરને પત્ર લખ્યો છે. જેમાં નોમિનેટેડ કાઉન્સિલરોને મતદાનનો અધિકાર આપવામાં આવશે નહીં તેવું જણાવવામાં આવ્યું છે. ચૂંટણી શરુઆતની સાથે જ ૧૦ મિનીટ કાર્યવાહી સ્થગિત કરવમાં આવી હતી. ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલા જ આરોપનો દોર શરૂ થઈ ગયો છે. દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ ટ્વિટ કર્યું કે, 'ભાજપે તેના કાઉન્સિલરોને આજે ફરીથી એમસીડીની બેઠકમાં મેયરની ચૂંટણી ન થવા દેવાની સૂચના આપી છે, બીજેપી કાઉન્સિલરોને ગૃહ શરૂ થતાંની સાથે જ કોઈને કોઈ બહાને હંગામો મચાવવા માટે કહેવામાં આવ્યું છે. પ્રિસાઈડિંગ ઓફિસર પાછળની વખતની જેમ ફરીથી ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરશે, એલજી ફરીથી ૨૦ દિવસ પછી તારીખ આપશે. મેયરની ચૂંટણી પહેલા ભાજપે આમ આદમી પાર્ટી પર ગંભીર આરોપ લગાવ્યા છે. ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના નેતાઓએ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને મત આપવા માટે તેમના ૧૦ કાઉન્સિલરોનો સંપર્ક કર્યો છે, તેમને કરોડો રૂપિયાની ઓફર કરવામાં આવી છે. ભાજપના નેતાઓએ તેમના તમામ ૧૦ કાઉન્સિલરોને મીડિયા સમક્ષ રજૂ કર્યા હતા.

## સુપ્રીમ કોર્ટને આજે પાંચ નવા જજ મળ્યા, ચીફ જસ્ટીસ ચંદ્રચુડે શપથ લેવડાવ્યા



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટને આજે (૬ ફેબ્રુઆરી) પાંચ નવા જજ મળ્યા છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે ન્યાયાધીશોને શપથ લેવડાવ્યા હતા. આ પાંચમાં રાજસ્થાન હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પંકજ મિત્તલ, પટના હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સંજય કરોલ, મણિપુર હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પીવી સંજય કુમાર, પટના હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લા અને અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ મનોજ મિશ્રાનો સમાવેશ થાય છે.

પંકજ મિત્તલની મૂળ કેડર અલ્હાબાદ હાઈકોર્ટ છે. ચીફ જસ્ટિસ પંકજ મિત્તલે ૧૯૮૫માં અલ્હાબાદ હાઈકોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી અને ઉત્તર પ્રદેશ હાઉસિંગ એન્ડ ડેવલપમેન્ટ બોર્ડના સ્ટેન્ડિંગ કાઉન્સિલ તરીકે સેવા આપી હતી. તેઓ ૧૯૯૦ અને ફેબ્રુઆરી ૨૦૦૬ વચ્ચે ડૉ. બી.આર. આંબેડકર યુનિવર્સિટી, આગ્રાના સ્ટેન્ડિંગ કાઉન્સેલ પણ હતા. જસ્ટિસ મિત્તલને ૭ જુલાઈ, ૨૦૦૬ના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના વધારાના જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૨ જુલાઈ, ૨૦૦૮ના રોજ કાયમી જજ તરીકે શપથ લીધા હતા. તેમણે ૪ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર અને કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ માટે સામાન્ય હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા.

બીજા વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ કરોલ છે, જેમની મૂળ હાઈકોર્ટ કેડર હિમાચલ પ્રદેશ છે. પ્રમોશન સમયે તેઓ પટના હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા. જસ્ટિસ કરોલનો જન્મ ૨૩ ઓગસ્ટ, ૧૯૬૧ના રોજ થયો હતો. જસ્ટિસ કરોલ હાઈકોર્ટ સહિત વિવિધ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા હતા. તેમની પાસે બંધારણ, કરવેરા, કોર્પોરેટ, ક્રિમિનલ અને સિવિલને લગતી બાબતોમાં નિપુણતા છે. તેમને ૧૯૯૯માં વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

જસ્ટિસ કરોલ ૧૯૯૮ થી ૨૦૦૩ સુધી હિમાચલ પ્રદેશના એડવોકેટ જનરલ પણ હતા અને ૮ માર્ચ, ૨૦૦૭ના રોજ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા હતા. તેમને ૨૫ એપ્રિલ ૨૦૧૭ થી કોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમની નિમણૂક ૯ નવેમ્બર, ૨૦૧૮ના રોજ ત્રિપુરા હાઈકોર્ટ અને ૧૧ નવેમ્બર, ૨૦૧૯ના રોજ પટના હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કરવામાં આવી હતી.જસ્ટિસ કુમાર મૂળ તેલંગાણા હાઈકોર્ટ સાથે સંકળાયેલા છે. તેઓ પાંચ ન્યાયાધીશોની યાદીમાં ત્રીજા સ્થાને છે અને ગયા વર્ષે ૧૩ ડિસેમ્બરે કોલેજિયમ દ્વારા ભલામણ કરવામાં આવી હતી અને બાદમાં કેન્દ્ર દ્વારા મંજૂર કરવામાં આવી ત્યારે તેઓ મણિપુર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા. તેમનો જન્મ ૧૪ ઓગસ્ટ, ૧૯૬૩ના રોજ થયો હતો. તેમણે હૈદરાબાદની નિઝામ કોલેજમાંથી કોમર્સમાં સ્નાતક થયા અને ૧૯૮૮માં દિલ્હી યુનિવર્સિટીમાંથી એલએલબીની ડિગ્રી મેળવી. જસ્ટિસ કુમારે ઓગસ્ટ ૧૯૮૮માં આંધ્ર પ્રદેશની બાર કાઉન્સિલના સભ્ય તરીકે નોંધણી કરી અને ૨૦૦૦ થી ૨૦૦૩ સુધી આંધ્ર પ્રદેશ હાઈકોર્ટમાં સરકારી વકીલ તરીકે સેવા આપી.

૮ ઓગસ્ટ, ૨૦૦૮ના રોજ તેઓ આંધ્રપ્રદેશ હાઈકોર્ટના વધારાના ન્યાયાધીશ તરીકે બેન્ચમાં નિયુક્ત થયા અને ૨૦ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ કોર્ટના કાયમી ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળ્યો. જસ્ટિસ કુમારે ૧૪ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના જજ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. તેમણે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ મણિપુર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા.

પટના હાઈકોર્ટના જસ્ટિસ અમાનુલ્લાહ સર્વોચ્ચ અદાલતમાં નિયુક્ત થનારા ચોથા ન્યાયાધીશ છે. તેમનો જન્મ ૧૧ મે, ૧૯૬૩ના રોજ થયો હતો. તેમણે ૨૭ સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ બિહાર સ્ટેટ બાર કાઉન્સિલમાં પ્રવેશ મેળવ્યો અને માર્ચ ૨૦૦૬ થી ઓગસ્ટ ૨૦૧૦ સુધી રાજ્ય સરકારના સ્થાયી વકીલ હતા. તેઓ પટના હાઈકોર્ટમાં સરકારી વકીલ હતા. ૨૦ જૂન, ૨૦૧૧ના રોજ તેમને આ જ કોર્ટમાં જજ તરીકે બઢતી આપવામાં આવી હતી. તેમને ૧૦ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં અને ૨૦મી જૂન, ૨૦૨૨ના રોજ પટના હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.જસ્ટિસ મિશ્રાનો જન્મ ૨ જૂન, ૧૯૬૫ના રોજ થયો હતો. તેમણે ૧૨ ડિસેમ્બર ૧૯૮૮ના રોજ એડવોકેટ તરીકે નોંધણી કરી અને ૨૧ નવેમ્બર ૨૦૧૧ના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિયુક્ત થયા. તેમણે ૬ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ કાયમી ન્યાયાધીશ તરીકે પદના શપથ લીધા હતા.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## બાલાસિનોર પોલીસ દ્વારા લોન ધિરાણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું




બાલાસીનોર, મહિસાગર જિલ્લાના બાલાસિનોર પોલીસ દ્વારા બાલાસિનોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના હોલ ખાતે તમામ રાષ્ટ્રીયકૃત તથા સહકારી બેંકના સૌજન્ય થી લોન/ધિરાણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના ના.પો. અધિ.પી.એસ. વડવી તથા બાલાસિનોરના પો. ઈ. એ.એન. નિનામા તથા બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ તથા બાલાસિનોર નગર પાલિકાના પ્રમુખ ભુપેન્દ્ર ચૌહાણ તથા તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ કિરીટસિંહ ચૌહાણ તેમજ રાષ્ટ્રીયકૃત તથા સહકારી બેંકના મેનજરઓ હાજર રહ્યા હતા. જેથી બાલાસિનોર તાલુકાના જરૂરિયાતમંદ નાગરિકો કે.જે.ઓ. લઘુઉદ્યોગ તથા ટાઉન વિસ્તારમાં ફેરિયા, લારી ગલ્લા, પ્લમ્બર તથા વેલ્ડર તરીકે રોજગારી મેળવતા અને નાની દુકાન તથા ખેતી તેમજ દુધાળાં પશુના વ્યવસાય સાથે સંકળાયેલ પશુપાલકો તથા ખેડૂતો કેમ્પમાં જરૂરી પુરાવા સાથે હાજર રહી રાષ્ટ્રીયકૃત તથા સહકારી બેંકના અધિકારીઓ દ્વારા લોન/ધિરાણ માટે અરજી કેવી રીતે કરવી બેન્કો માંથી લોન કેવી રીતે મેળવી શકાય તેની વિસ્તૃત જાણકારી આપી. જેથી બાલાસિનોર તાલુકાના જરૂરિયાતમંદ નાગરિકો વધુમાં વધુ સંખ્યામાં લોન ધિરાણનો લાભ લે તેની ઉપસ્થિત દરેક મહાનુભાવો દ્વારા તથા મહિસાગર જિલ્લા બાલાસિનોર પોલીસ વતી વિસ્તૃત જાણકારી આપવામાં આવી તથા જે લાભાર્થીઓએ લોન મેળવી હતી. તેવા તમામ લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ચેક વિતરણ કરવામાં આવ્યા.

## સંતરામપુર અને કડાણા તાલુકામાંથી બે બાળલગ્ન અટકાવાયા

લુણાવાડા, મહિસાગર જિલ્લામાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા બે બાળ લગ્ન અટકાવવામાં આવ્યા હતા.

બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી મહિસાગર ખાતે કડાણા તાલુકામાં અને સંતરામપુર તાલુકામાં બે અલગ અલગ બાળ લગ્નના આયોજન અંગેની માહિતી મળી હતી. જે બાળકોના ઉમરના પુરાવા મેળવવામાં આવ્યા હતા. જેમાં બંને લગ્ન બાળ હોવાનુ જણાયુ હતુ. જેમાં કડાણા ખાતે બાળ લગ્નનુ આયોજન કરનાર બાળકના માતા–પિતાને બાળ લગ્ન ન કરવાની નોટિસ પાઠવી હતી. તેમજ કોર્ટમાંથી દિકરીની ઉમર ૧૮ વર્ષની ન થાય ત્યાં સુધી લગ્ન ન કરવા અંગે મનાઈ મેળવી બાળલગ્ન અટકાવાયા હતા.

સંતરામપુર તાલુકામાં મળેલ બાળલગ્નના આયોજનની માહિતી મુજબ દિકરીના વાલીને બાળ લગ્ન ન કરવાની નોટિસ આપીને દિકરીના ૧૮ વર્ષ પુર્ણ થયેલી જ લગ્ન કરાવવામાં આવશે તે બાબતની બાંહેધરી મેળવાઈ હતી. તેમજ બાળ લગ્ન કરવામાં આવે તો બે વર્ષની સખ્ત કેદની સજા અથવા રૂપિયા એક લાખના દંડની સજા થવા પાત્ર હોવાની જાણકારી અપાઈ હતી.

## વિરપુર APMC ખાતે તુવેર, રાયડા, ચણા ટેકાના ભાવે ખરીદી કરાશે

વિરપુર, રાજયના ખેડુતોને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવે મળી રહે તે માટે તુવેર, ચણા, અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા પહેલી ફેબ્રુઆરીથી રાજયભરમાં ઓનલાઈન નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિરપુર એપીએમસી ખાતે ખેડુતો પાસેથી તુવેર, ચણા, અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા પહેલી ફેબ્રુઆરીથી એક માસ માટે નોંધણી કરાશે. જેમાં ૧૦મી માર્ચથી ૯૦ દિવસ ટેકાના ભાવે ખરીદીની પ્રારંભ થશે. ચાલુ વર્ષે તુવેરની ક્વિન્ટલ રૂ.૬૬૦૦, ચણા પ્રતિ ક્વિન્ટલ રૂ.૫૩૩૫, તેમજ રાયડાની પ્રતિ ક્વિન્ટલ રૂ.૫૪૫૦નો ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. રાજયમાં તુવેર પાક માટે ૧૩૫, ચણા માટે ૧૮૭ તેમજ રાયડાની ૧૦૩ ખરીદ કેન્દ્ર પરથી ખરીદી થશે. ખેડુતો પાસેથી પ્રતિદિન ૧૨૫ મણ સુધીની ખરીદી કરવામાં આવશે. જેમાં વિરપુર તાલુકામાં તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા ૨૮મી ફેબ્રુઆરી સુધી ગ્રામ્યકક્ષાએ વીસીઈ દ્વારા તથા તાલુકા કક્ષાએ એપીએમસી ખાતે ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવશે.

## કડાણાના કારવાઈ ગામે બે બાઈકો વચ્ચે અકસ્માત

લુણાવાડા, મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના કારવાઈ ગામે પુનાવાડાથી બાબલીયા જતા રોડ ઉપર બે બાઈક સામસામે અથડાતા એક ચાલકને ઈજાઓ થતાં લુણાવાડા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

કડાણા તાલુકામાં આવેલા કરવાઈ ગામ પાસે પુનાવાડાથી બાબલીયા રોડ ઉપર બે મોટરસાયકલ સામસામે અથડાઈ હતી. જેમાં એક બાઈકના ચાલક બાબુભાઈને ઈજાઓ થતાં તેમને સારવાર માટે લુણાવાડા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવ અંગે તેમના સંબંધિ મોહનભાઈ સોમાભાઈ માલીવાડે ડીટવાસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

## બાલાસિનોરના દોલતપારડાના ગુમ થયેલ ૧૪ વર્ષિય યુવતિ કપડવંજ તાલુકામાંથી મળી

લુણાવાડા, છેલ્લા ૧૪ વર્ષથી ગુમ થયેલ યુવતિને લોકલ ક્રાઈમ બ્રાન્ચ મહિસાગર પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવી હતી. પંચમહાલ ગોધરા રેન્જ આઈ.જી.પી. તથા મહિસાગર જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના બાદ એલસીબી પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવનુ આયોજન કરાયુ હતુ. જેમાં એલસીબી પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે, બાલાસિનોર પોલીસ મથકમાં ૧૪ વર્ષ પહેલા ગુમ થયેલા સુધાબેન ભલાભાઈ ઠાકોર (રહે.દોલતપોરડા) બાબતે જાણવાજોગ ફરિયાદ નોંધાઈ હતી. જેઓ હાલ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના મોટીઝેર ગામની સીમમાં રહીને ખેત મજુરી કરે છે. તેવી માહિતીને આધારે તપાસ કરીને ગુમ થનાર મળી આવતા તેમને મેળવી આગળની કાર્યવાહી કરવા માટે બાલાસિનોર પોલીસ સ્ટેશને સોંપવામાં આવ્યા હતા.

## દે.બારીયા શહેરની શુક્રવારી પ્લોટમાંની રોડની દુકાનોની બંધ બારણે હરાજી કરાઈ...?

દે.બારીયા, દે.બારીયા નગર પાલિકાના દ્વારા શુક્રવારી પ્લોટ ફોલ્ડીંગ હોકર્સ ઝોન અને બારીયા પીપલોદના મુખ્ય માર્ગોને ટચ શુક્રવારી બજાર તરીકે ઓળખાતો બજાર છે. તેમાં વર્ષોથી પથારાવાળા વેપારીઓ જેમાં શાકભાજીવાળા, કટલરી, કાપડના વહેપારીઓ તથા ડુંગળી, બટાકા, ગરમ મસાલા, મરચાં, ધાણાં, લસણ આમ અનેક વસ્તુના વેચનારા વેપારીઓ પોતાનો ધંધો કરી પોતાનું પેટ્યું રડતા હતા. જેમાં રૂા.૨૦/–ની પાવતી આપીને ધંધો કરતા હતા. તે જગ્યાએ હાલમાં ૨૨ જેટલી ફોલ્ડીંગ દુકાનોના શેડ તૈયાર કરીને હરાજી પણ તા.૦૬/૦૨/૨૦૨૩ સોમવારે ૧૨ કલાકે રાખવાનો રાતો રાત નિર્ણય પણ થઈ ગયો. કારણ કે, હાલની બોડીને માંડ ૧૫ દિવસનો સમય બાકી રહ્યો હશે. શુક્રવારી પ્લોટમાં પુરી દુકાનો પણ તૈયાર થઈ નથી તો પણ માત્ર ૨૨ જેટલી દુકાનોની હરાજી આટોપવાનો શું મતલબ છે. તે વિચારવા લાયક છે અને હાસ્યપદ છે. ઉતાવળે આંબા પકવવાની થીયરી થઈ રહી છે કે શું ?

પ્રાપ્ત માહિતી અનુસાર નગર પાલિકાના સભા ખંડમાં આજરોજ ૧૨ કલાકે શુક્રવારી પ્લોટ ફોલ્ડીંગ હોકર્સ ઝોનવાળી ૨૨ જેટલી દુકાનોની હરાજી રાખવામાં આવી હતી. જેમાં એક વ્યકિત એક દુકાન રાખી શકે તેવી એક શરત હતી. લગભગ ૪૬ જેટલા વ્યકિતઓ નેજ ૨૨ દુકાનો ખરીદી કરવાનો પરવાનો અપાયો હતો. મીડીયા કર્મીઓને હરાજીના સભાખંડમાં જવાની અનુમતી ન હતી. તંત્ર મીડીયાથી શું ? છુપાવવા માંગતા હશે તે યક્ષ પ્રશ્ન છે ? હરાજીમાં મળતીયા ડમી વેપારીઓ હતા. તેવું આમ જનતામાં ચર્ચાનો વિષય હતો. આ હરાજી મીડીયા કર્મી સભા તથા હરાજીના ખંડના બહારથી રીપોર્ટ કવર કરવા મજબુર હતા. શા કારણે મીડીયાને હરાજીના સ્થળે જવા માટે રોક્યા હતા. તે યક્ષ પ્રશ્ન છે.

રોડની દુકાનો હરાજી ૨૨ નંબરથી શરૂ કરાઈ હતી. એક ફોલ્ડીંગ શેડના રૂા.૩૦૦૦/–થી બોલી શરૂ કરી ૩૭૦૦/– સુધી બોલી બોલાવી હતી. અમુક તો ડમી વેપારીઓ જોવા મળતા હતા કે જેઓ એકવાર પણ શુક્રવારી બજારમાં વેપાર કરવા બેઠા નથી. આખી હરાજીની પ્રક્રિયાને મીડીયા કર્મીઓ બહાર થી કવર કરવા મજબુર કરવા માટે તંત્ર જવાબદાર છે. ૨૦૦ થી ૭૦૦નો વધારો કરી ૧૧ નંબરની શેડવાળી દુકાન ૬,૭૦૦/–માં વેચાઈ હતી. ૧૮ અને ૧૯ શેડની દુકાનોની હરાજી પેન્ડીંગ રાખવા પાછળ શું ? કારણ હતું. તેની સ્પષ્ટતા કરાઈ ન હતી. આ હરાજીની પ્રક્રિયા સુયોજીત હતી અને આખો એપીસોડ પહેલાથી તૈયાર કરાયો જોવાતો હતો. શુક્રવારી પ્લોટ ફોલ્ડીંગ હોકર્સ ઝોનમાં કુલ ૧૬૩ દુકાનોનું બાંધ કાર્ય કરવાનું છે. હાલમાં માત્ર ૨૨ જેટલી શેડની દુકાનનું બાંધકાર્ય થયું છે. ૧૪૧ જેટલી દુકાનોનું બાંધકાર્ય બાકી છે. તેમ છતાં ખાલી ૨૨ દુકાનોની હરાજી કરવા પાછળનું શું કારણ હશે. શુક્રવારી બજારમાં ૨૭૩ જેટલા નાના મોટા વેપારીઓ વર્ષોથી વેપાર કરતા આવ્યા છે. જેમાંથી ૯૫ જેટલા વેપારીએ બાંધકાર્ય અટકાવવા માટે માન્ય સેશન કોર્ટના દ્વારા ખટકાવ્યા પણ છે. તેનું શું ? તે મોટો સવાલ છે.

## ગોધરા સ્થિત બાળગૃહના એક વર્ષીય બાળકને સ્વીડનના સ્ટોકહોમ શહેરના દંપત્તિ દ્વારા લેવામાં આવ્યું દત્તક



ગોધરા, પ્રેમ અને પ્રેમાળ પરિવાર દરેક બાળકની જરૂરિયાત અને અધિકાર છે અને તે દિશામાં પ્રયાસો કરવા આપણી ફરજ છે. ગુજરાત સરકાર અનાથ બાળકોનું પુનઃસ્થાપન કરવાની આ દિશામાં કટિબદ્ધ બની છે અને પૂરતા પ્રયાસો કરી રહી છે. ત્યારે ગુજરાત સરકારનો પ્રયાસ રંગ લાવી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ગોધરા શહેરના પથ્થર તલાવડી વિસ્તારમાં આવેલા બાળગૃહમાં આજે એક વર્ષ ત્રણ માસના બાળક આરવ (નામ બદલેલ છે)ને સ્વીડનના સ્ટોકહોમ શહેરના દંપતી હેન્સ માઈકલ અને લીના માર્ગરીટા દ્વારા દત્તક લેવામાં આવ્યું છે. એક વર્ષ ત્રણ માસ અગાઉ આરવ નામનું બાળક મહીસાગર જિલ્લાના ખેતરમાંથી ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવ્યું હતું અને ગોધરા ચિલ્ડ્રન હોમ લાવવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન હોમમાં સતત સારવાર અને હૂંફને પરિણામે તે ચાલતા થઈને થોડાક શબ્દો બોલતા પણ શીખ્યું છે.

ગોધરા ખાતે આજે બાળગૃહમાં સરકારી નિતી–નિયમો મુજબ દત્તક લેનાર સ્વીડિશ દંપતિ પૈકી માતા લીના માર્ગરીટા પણ વર્ષો અગાઉ તમિલનાડુના બાળગૃહમાંથી સ્વીડિશ પરિવાર દ્વારા દત્તક લેવામાં આવ્યા હતા. આ ઘટનાથી પ્રેરાઈને તેઓ હંમેશાથી એક બાળક દત્તક લઈ તેને પ્રેમ અને પરિવાર આપવાની ઈચ્છા ધરાવતા હતા. જેને લઈને તેઓ અગાઉ પણ એક બાળક દત્તક લઈ ચૂક્યા છે અને આરવને દત્તક લેવા સાથે તેઓની વધુ એકવાર ઈચ્છા પૂરી થઈ છે.બાળકને પણ પોતાનો પરિવાર મળ્યો છે.

આ પ્રસંગે પિતા હેન્સ માઈકલે જણાવ્યું હતું કે, કારા નામની વેબસાઈટ પર બાળક દત્તક લેવા માટે નોંધણી કરાવ્યા બાદ વેબસાઈટ પર આરવનો ફોટો જોતાની સાથે તેમને અને તેમની પત્ની લીના માર્ગરીટાને બાળક સાથે વાત્સલ્ય અનુભવાયું હતું અને તેમણે તેને દત્તક લેવાનો નિર્ણય કર્યો હતો. સ્વીડિશ દંપતિને આ બાળક પંચમહાલ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જે.એચ.લખારા દ્વારા સોંપવામાં આવ્યું હતું. બાળકને સ્વીડિશ માતાપિતા મળતા બાળગૃહના તમામ લોકોમા ખુશી જોવા મળી હતી.

## દાહોદ ખાતે વિવિધ રોગોના તજજ્ઞો દ્વારા વિશાળ સ્વાસ્થ્ય નિદાન કેમ્પ યોજાયો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ શહેરની ઠક્કરબાપા પ્રાથમિક શાળા ખાતે અદિક્યુરા સુપર સ્પેશિયાલિટી, વડોદરા રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના સહયોગ થી દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. વિશાળ સ્વાસ્થ્ય નિદાન કેમ્પમાં વડોદરાના ડો.અર્પણ દેસાઈ (કાર્ડીઓલોજિસ્ટ), ડો.હિતેન પટેલ (વાસ્ક્યુલર સર્જન), ડો. એસલ પરમાર(ગેસ્ટ્રોલોજી), ડો.હિરેન પરીખ(ફેફસા નારોગ નાં વિશેષજ્ઞ), સુરભી કાપડિયા (ઓપથલ મોલોજિસ્ટ), ડો.આશિષ દેસાઈ (ન્યુરો સર્જન) ડો.ચિરાગ પટેલ (ઓર્થોપેડીક), ડો.મીનલ પાટીલ (જનરલ સર્જન), ડો.હેતલ પરમાર (પેટ,લીવર નાં વિશેષજ્ઞ) ઉપસ્થિત રહી દર્દીઓની સારવાર, નિદાન અને સલાહ સૂચનો વિના મૂલ્યે આપ્યા હતા. આ કેમ્પ માં ૧૦૧ લાભાર્થીઓ એ લાભ લીધો હતો. કેમ્પમાં દાહોદ ગ્રામ્ના મંડલ પ્રમુખ મુકેશભાઈ લબાના, રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ નાં સેક્રેટરી હીરાલાલ સોલંકી, રોટરી સદસ્યો શબ્બીર નગદી, રતનસિંહ બામણિયા, દેવા ભાઈ રાઠોડ, હુસેનભાઇ મુલ્લાં મીઠા, કાલિદાસ ગાંધી, વીણાબેન પલાસ અને વ્હોરા સમાજના અગ્રગણ્ય કુતબુદ્દીન પારાવાળા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમની તમામ વ્યવસ્થા અમિતભાઈ દવે, હર્ષલ પંચાલ, ઉત્તપલ દવેએ કરી હતી. શાળાના આચાર્ય દેવેન્દ્ર પંચાલે કેમ્પને સફળ બનાવવા તમામ પ્રકારનો સહયોગ આપ્યો હતો.


## ઝાલોદ નગરમાં રોહિત સમાજ દ્વારા સંત શિરોમણી રોહીદાસની ૬૪૬ મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ, ઝાલોદ નગરમાં રહેતા રોહિત સમાજ દ્વારા મહાસુદ પુનમ ૦૫–૦૨–૨૦૨૩ નાં રવિવારના રોજ સંત શિરોમણી રોહીદાસની ૬૪૬મી જન્મ જયંતીની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. રોહિત સમાજ દ્વારા બપોરે ૪ કલાકે સહુ ભેગા થઈ ડુંગરી ફળિયા થી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા સમાજના બાળકો, વડીલો, બહેનો સહુ કોઈ મોટા પ્રમાણમાં જોડાયા હતા. સંત રોહીદાસજીની શોભાયાત્રા નગરના દરેક વિસ્તારોમાં ફરી હતી. આખી શોભાયાત્રા દરમ્યાન ભજન અને રાશ ગરબા રમતાની રમઝટ વચ્ચે લોકો ઝૂમતા જોવા મળ્યા હતા. શોભાયાત્રા દરમ્યાન રોહિત સમાજની સહુ મહિલાઓ દ્વારા લાલ કલરની સાડી સમાજની એકતા દર્શાવતું હતું તેમજ પુરૂષો માથે પાઘડી પહેરી ફરતા શોભાયાત્રામાં અનેરૂં આકર્ષણ જોવા મળતું હતું. શોભાયાત્રા દરમ્યાન વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બસસ્ટેન્ડ વિસ્તારમાં શોભાયાત્રામાં જોડાયેલ સહુ લોકોનું સ્વાગત ઠંડાપીણાં પીવડાવી કરવામાં આવ્યું હતું. શોભાયાત્રાના પુરી થતાં સમાજના સહુ લોકોએ મહાઆરતી કરી મહાપ્રસાદનો લાભ લીધો હતો. તેમજ રાત્રે સમાજના સહુ લોકો ભેગા મળી સંત રવિદાસજી ની ભવ્ય સંતવાણીનું આયોજન કરેલ હતું તેમાં સમાજના સહુ લોકો ઉપસ્થિત રહી પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો.

## દાહોદ શહેર અને જીલ્લામાં પૂજા-અર્ચના સાથે હોળીના દંડા ઉભા કરાયા



દાહોદ, હોળીને હવે એક મહિના જેટલો સમય બાકી રહેતાં દાહોદ શહેર સહિત જિલ્લામાં પુજા, અર્ચના સાથે હોળીના દંડા ઉભા કરી દેવામાં આવ્યાં છે. દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો હોઈ હોળી પર્વનું અનેરૂ મહત્વ છે.

દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે અહીંના આદિવાસી લોકોની પરંપરાઓ તેમજ સંસ્કૃતિ અનોખી છે. હોળીનો તહેવારએ અહીંના લોકો માટેનો મુખ્ય તહેવાર માનવામાં આવે છે. ત્યારે હોળીને એક મહિના જેટલો સમય બાકી છે. તે પહેલા આદિવાસીઓની પરંપરા મુજબ દાહોદ શહેર સહિત જિલ્લાના તમામ ગામોમાં વર્ષોથી હોળીના એક મહિના પૂર્વે પૂનમના દિવસે હોળી દહન કરવા માટેની જગ્યા પર વિધિવત પુજા–અર્ચના કરી ગામના પટેલ અથવા પુંજરા દ્વારા દાંડો ઊભો કરવામાં આવે છે. મહા સુદ પૂનમના દિવસે હોળીનો દાંડો વિધિવત પુજા પાઠ કરી આસ્થાભેર ઉભો કરવામાં આવ્યો હતો. હોળીના એક માસ પૂર્વે દર વર્ષે આ દાંડો ઊભો કરવામાં આવે છે અને ફાગણ સુદ પૂનમના દિવસે હોળીકા દહન કરવામાં આવે છે. વર્ષોની પરંપરા પ્રમાણે આ વખતે પણ જિલ્લામાં વિધિવત રીતે હોળીનો દાંડો રોપવામાં આવ્યો.

## દાહોદ-ઈન્દોર-અમદાવાદ હાઈવે ઉપર અકસ્માતમાં ફોર વ્હીલ ચાલકને ઈજાઓ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, સુરત થી ઈન્દોર તરફ જતાં પરિવારને દાહોદના ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં ફોર વ્હીલ ચાલકને શરીરે, હાથ–પગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે દાહોદના ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સુરતના રહેવાસી અને કોઈ કામ અર્થે પોતાના કબ્જાની ફોર વ્હીલ કાર લઈ અમદાવાદ ઈન્દોર હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ફોર વ્હીલના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડી ગઈ હતી અને ઈન્દોર અમદાવાદ તરફ આવી પહોંચતા અમદાવાદ ઈન્દોર હાઈવે પરથી આવતી ફોર વ્હીલ ગાડીએ જોસભેર ટક્કર મારાતા અકસ્માત સર્જાયો હતો. ફોર વ્હીલ ગાડીમાં સવાર એક બાળક સહિત ૫ લોકોમાંથી એકને શરીર હાથ પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાજ આસપાસના લોકો દોડી આવી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલેન્સને જાણ કરતા કબોઈ ધામની ૧૦૮ એમ્બ્યુલેન્સ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ઈજાગ્રસ્તોને સારવાર માટે દાહોદના ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## ફતેપુરાના માધવા ગામે ફોર વ્હીલ અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક સવાર બે પૈકી એકનું મોત

દાહોદ, ફતેપુરાના માધવા ગામે રોડ પર સવારના સમયે અશોક લેલેન્ડ ફોરવ્હીલ ગાડી અને મોટર સાયકલ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ પર સવાર બે પૈકી એકનું સ્થળ પર જ મોત નિપજ્યાનું તેમજ એકને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે નજીકની હોસ્પિટલના ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. ગત તા. ૪–૨–૨૦૨૩ના રોજ સવારે સાડા આઠ વાગ્યાના સુમારે રજીસ્ટ્રેશન નંબર વગરની લેલેન્ડ ફોરવ્હીલ ગાડીનો ચાલક તેના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારીને લઈ જઈ ફતેપુરાના માધવા ગામે રોડ પર સામેથી આવી રહેલી મોટર સાયકલને જોશભેર ટક્કર મારી પોતાના કબજાની રજીસ્ટ્રેશન વગરની ફોરવ્હીલ ગાડી સ્થળ પર મૂકી નાસી જતાં સંજેલી ગામના આમીનભાઈ રસીદભાઈ ગુડાલાના ભાઈ સાજીદભાઈ તથા રોહીતભાઈ સોમાભાઈ બારીયાને માથામાં તથા હાથે, પગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં સાજીદભાઈ ગુડાલાનું મોત નિપજ્યું હતું જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત રોહીતભાઈ સોમાભાઈ બારીયાને સારવાર માટે ફતેપુરા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. આ સંબંધે સંજેલીના મરણજનાર સાજીદભાઈ ગુડાલાના ભાઈ આમીનભાઈ રસીદભાઈ ગુડાલાએ નોંધાવેલી ફરિયાદને આધારે ફતેપુરા પોલીસે ફોરવ્હીલ ગાડીના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

## આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

વૃષભ (બ,વ,ઉ) : વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

મીથુન (ક,છ,ઘ) : આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

કર્ક (ડ,હ) : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઈ શકે છે.

સિંહ (મ,ટ) : પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

કન્યા (પ,ઠ,ણ) : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

તુલા (ર,ત) : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

વૃશ્ચિક (ન,ય) : જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

ધન (ભ,ધ,ફ) : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

મકર (ખ,જ) : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ) : દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

મીન (દ,ચ,ઝ,થ) : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

પંચમહાલ સમાચાર

### ફતેપુરા પોલીસ દ્વારા ખાનગી લકઝરી

# બસના છાપરા ઉપર મુસાફરોને બેસાડી વહન કરતા ચાલક સામે ગુન્હો દાખલ કરાયો

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં ખાનગી વાહન ચાલકો પોલીસ તથા આર.ટી.ઓ. થી નિડર બની અને વાહન ચાલકો માટે બનાવવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓને બાજુ ઉપર રાખી પોતાના વાહનોમાં ઘેટાં-બકરાઓની જેમ મુસાફરોને ભરી વહન કરતા જોવા મળે છે અને તેવા વાહન ચાલકો સામે પોલીસ કે આર.ટી.ઓ. દ્વારા વર્ષમાં ક્યારેક દેખાવ પુરતી તપાસ કરવામાં આવે છે. પરંતુ તેનાથી વાહન ચાલકોમાં કોઈ સુધાર આવતો હોય તેમ જણાતું નથી. જેના લીધે તાલુકામાં અકસ્માત મોતના બનાવો પણ દિન પ્રતિદિન વધી રહ્યા છે. તેમ છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હોય તેમ જણાય છે. તેમજ ગત સમયની દ્રષ્ટિએ જોતા છીંડે નીકળ્યો તે ચોરની નીતિ અપનાવી ક્યારેક કોઈ એકાદ વાહન સામે ગુનો દાખલ કરી સંતોષ માની લેવામાં આવે છે. તેવી જ રીતે આજરોજ રાજસ્થાન તરફથી ફતેપુરા થઈ અમદાવાદ બાજુ જતી અને છાપરા ઉપર મુસાફરોને વહન કરી પસાર થઈ રહેલ એક લક્ઝરી બસના ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

પ્રાપ્ત વિગતો મુજબ આજરોજ ફતેપુરા પોલીસ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન રાજસ્થાન પાસે એક લક્ઝરી બસનો ચાલક મુસાફરોની જિંદગી જોખમમાં મુકાય તે રીતે પોતાના કબજાની લક્ઝરી નંબર આર.જે-૦૩.પીએ-૭૩૩૮ લક્ઝરી બસના છાપરા ઉપર મુસાફરોને ભરી પૂરઝડપે અને ગફલતભરી રીતે ફતેપુરા બસ સ્ટેશન તરફ આવતા આ ખાનગી લક્ઝરી બસને ફતેપુરા પોલીસે ઉભી રાખી ચાલકની પૂછપરછ કરતા ચાલ કે તેનું નામ શાંતિલાલ સુકલાલ ગરાસીયા રહે. ખોડાલીમ, તા. ગાંગડતલાઈ, જી.બાસવાડાનો હોવાનું જણાવેલ. જેણે પોતાના કબજાની લક્ઝરી બસમાં મુસાફરોના જીવ જોખમમાં મુકાય તે રીતે મુસાફરોને લક્ઝરીના છાપરા ઉપર બેસાડી વહન કરતાં ચાલકની વિરૂદ્ધમાં આઈપીસી કલમ ૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટ ૬૬(૧)૧૯૨(એ) ૧૭૭ મુજબ ગુનો દાખલ કરી ફતેપુરા પોલીસે આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

- રાજસ્થાનથી અનેક ખાનગી લક્ઝરી બસોના ચાલકો પોતાના કબજાની ગાડીઓને નિયમિત રાજસ્થાનથી અમદાવાદ તરફ મુસાફરોને વહન કરી રહ્યા છે.
- ફતેપુરા તાલુકાના ફતેપુરા તથા સુખસર થી ગ્રામ્ય વિસ્તારોમાં કેપેસિટી થી વધુ મુસાફરો ભરીવહન કરતા કસૂરવાર થ્રી-ફોર વ્હીલર લોડીંગ વાહન ચાલકો સામે તપાસ જરૂરી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફતેપુરા તાલુકામાં ફતેપુરા સહિત સુખસર વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી બસોના અભાવે સેકડો લોડીંગ ખાનગી વાહનો દ્વારા ગેરકાયદેસર મુસાફરોને વહન કરવામાં આવી રહ્યા છે અને આ વાહનચાલકો બસ સ્ટેશનની આસપાસ અડીંગો જમાવી ઉભા થઈ જાય છે અને તેવા વાહનચાલકો સામે બીઆરટી કે પોલીસ દ્વારા કોઈ રોકટોક કરવામાં આવતી નથી. જ્યારે કેટલાક ખાસ કરીને ટુ-વ્હીલર વાહન ચાલકોને પકડી કોર્ટ કે આર.ટી.ઓનો મેમો આપવામાં આવે છે.અથવા તો કોઈક રીતે છોડી મૂકવામાં આવતા હોવાનું પણ જાણવા મળે છે. ત્યારે ગરજાઉ,મજબૂર મુસાફર જનતાનો ખાનગી વાહન ચાલકો ગેરલાભ ઉઠાવે નહીં તે જોવાની પણ પોલીસ તથા આર.ટી.ઓ ની સંપૂર્ણ જવાબદારી છે.

### ‘‘સ્પર્શ ’’ રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન ૨૦૨૩

## દાહોદમાં ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલમાં મહિલા ટીમમાં ફતેપુરા અને પુરૂષ ટીમમાં દેવગઢ બારીયા ઈલેવનનો ભવ્ય વિજય

દાહોદ,

‘‘સ્પર્શ’’ રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન ૨૦૨૩ અંતર્ગત દાહોદ ડિસ્ટ્રિક્ટ હેલ્થ એમ્પ્લોઈ ક્રિકેટ ટુર્નામેન્ટ રેલ્વે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે જીલ્લાની કુલ ૧૬ ટીમો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ ક્રિકેટ ટુર્નામેન્ટમા ફાઈનલ મેચને ખુલ્લી મુકતા દાહોદ વિધાનસભાના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી તથા જીલ્લા રક્તપિત્ત અધિકારી ડો.આર.ડી. પહાડીયા, જીલ્લા RCHO અધિકારી ડો. ઉદય ટીલાવત સહિત ના અધિકારીઓ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સહન આપ્યું હતું.




પ્રથમ ફાઈનલ મેચ મહિલાઓની જેમાં દાહોદ અને ફતેપુરા વચ્ચે રમાઈ. જેમાં દાહોદની ટીમ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ લીધી. જેમાં ફતેપુરાની ટીમે ૧૦ ઓવર ની અંદર ૭૮ રન ૨ વિકેટે બનાવ્યા જેના જવાબમાં દાહોદ ની ટીમે ૪૮ રન ૮વિકેટ ગુમાવી બનાવ્યા આ મેચ ફતેપુરાએ ૩૦ રન થી જીતી લીધી, મહિલા ટીમના કેપ્ટન ડો અનિતા ઉમાને ટ્રોફી આપી ને સન્માનીત કરવામાં આવી. જયારે પુરૂષ ની ફાઈનલ મેચ દેવગઢ બારીયા ઈલેવન અને લીમખેડા ઈલેવન વચ્ચે રમાઈ જેમા દેવગઢ બારીયા ઈલેવન ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ લીધી. જેમાં લીમખેડા પ્રથમ બેટિંગ કરતાં ૧૦ ઓવર માં ૯૧ રન ૯ વિકેટના નુકસાન પર બનાવ્યાં. જેના જવાબમા દેવગઢ બારીયા ઈલેવન ૯૩રન ૨વિકેટ ગુમાવીને બનાવ્યા આ મેચ દેવગઢ બારીયા ઈલેવન ટીમ ૮ વિકેટે વિજેતા બની આ ફાઈનલ મેચમાં ‘‘સ્પશ’’ મેનઓફ ધ મેચ ડો અમિત મછાર ખૂબજ સરસ બેટિંગ કરવા બદલ ‘‘સ્પર્શ’’ મેનઓફ ધી સીરીઝ ડો અશોક કુંડળ., ‘‘સ્પર્શ’’બેસ્ટ બેટ્સમેન ડો અશોક કુંડળ, ‘‘સ્પર્શ’’ બેસ્ટ બોલર કીર્તન બારીયા ને એવોર્ડનું વિતરણ ધારાસભ્યના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

વિજેતા ટીમના દરેક ખેલાડીઓને ‘‘સ્પર્શ’’ગોલ્ડન મેડલ અને રનઅપ ટીમના ખેલાડીઓને ‘‘સ્પર્શ’’ સિલ્વર મેડલ પહેરાવવામાં આવ્યા. વિજેતા ટીમનાં કેપ્ટન ડો કલ્પેશ બારીયાને ટ્રોફી આપીને સન્માનીત કરવામાં આવ્યા અને રનઅપ ટીમને પણ ટ્રોફી આપવામાં આવી. ‘‘સ્પશ’’ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાનને સફળ બનાવવા બદલ કમિટીના તમામ સભ્યોનો અમ્પાયર મિત્રો તથા સ્કોરરનો જીલ્લા રક્તપિત્ત અધિકાર ડો. આર. ડી. પહાડીયા દ્વારા શાબ્દિક અભિવાદન કરવામાં આવ્યું.

## અમૃતપેક્ષ પ્લસ પ્રોગ્રામ હેઠળ સુકન્યા સમૃદ્ધિ યોજના (SSA) ખાતા ખોલવાનાં બહોળા પ્રચાર માટે દાહોદ ખાતે વિશાળ રેલી યોજાઈ

દાહોદ,

રાષ્ટ્રીય સ્તરનું ફિલાટેલિક પ્રદર્શન-અમૃતપેક્ષ નવી દિલ્હી પ્રગતી મેદાન ખાતે તા. ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન ઉજવવા જઈ રહ્યું છે. આ પ્રદર્શનની ભવ્ય સફળતાને ચિન્હરૂપ બનવવા પોસ્ટ વિભાગે અમૃતપેક્ષપ્લસના બેનર હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે. જેની એક પ્રવુતિનાં ભાગરૂપે સમગ્ર ભારતમાં તા. ૯ અને ૧૦ ના રોજ પાત્રતા ધરાવતી દીકરીઓ માટે ૭.૫ લાખ સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આ અભિયાનને સફળ બનાવવા માટે અને જાહેર જનતામાં જાગૃતતા લાવવા તેમજ તેના બહોળા પ્રચાર માટે દહોદ હેડ પોસ્ટ ઓફિસ ખાતેથી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં આશરે ૭૦ મહિલાઓએ ભાગ લીધો હતો. આ રેલી દાહોદ હેડ ઓફિસથી નીકળી નગરપાલિકા ચોક, દોલતગંજ બઝાર, રાજ ટાવર ચોક, શાંતિકુંજ સોસાયટી, ગોવિંદનગર ચોક, એસપી ઓફિસ, વિશ્રામગૃહ રોડ, સ્વામીવિવેકાનંદ ચોક થઇ પરત દહોદ હેડ ઓફિસે આવી હતી.

આ રેલી બેટી પઢાવો બેટી બચાવો હેઠળ સુકન્યા સમૃદ્ધિ ખાતા દ્વારા દીકરીઓનું ભવિષ્ય સુરક્ષિત કરવાનાં નારાથી ગુંજી ઉઠી હતી. આ રેલીનું વિશેષ મહત્વ નારી સશક્તિકરણ લાવવા માટેની એક પહેલ હતી.

આ અભિયાન દરમિયાન તારીખ ૦૯-૦૨-૨૦૨૩ અને ૧૦-૦૨-૨૦૨૩ નાં રોજ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની તમામ પોસ્ટ ઓફિસોમાં સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ વિશેષ કેમ્પ અને મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. જેથી દહોદ, પંચમહાલ અને મહીસાગર જીલ્લાના તમામ વાલીઓને સુચના આપવામાં આવે છે કે આ યોજનાનાં લાભ થકી નાની બાળકીઓનું ભવિષ્ય સુરશિત કરવા માટેની અપીલ કરવામાં આવે છે.

પંચમહાલ ડિવિઝને તારીખ ૦૧.૦૪.૨૦૨૨ થી અત્યાર સુધીમાં ૨૦૧૨૯ સુકન્યા સમૃદ્ધિ એકાઉન્ટ ખોલીને દીકરીઓનું ભવિષ્ય સુરક્ષિત કરેલ છે. પંચમહાલ ડીવીઝનના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ એમ. એમ. શેખ એ આ માહિતી આપી છે.



લીમખેડા બીઆરસી ભવન ખાતે દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ દ્વારા સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત લીમખેડા તાલુકાના બીઆરસી, સીઆરસી તથા 89- SOE શાળાના આચાર્યોની રીવ્યુ બેઠક યોજી હતી. જેમાં જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી મયુર પારેખ દ્વારા પ્રોજેક્ટર પર PPT થી SOEના અપેક્ષિત લક્ષ્યાંકો વિશે તથા ગુણોત્સવ ૨.૦ વિશે, અને FLN વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે સાથે તેઓએ આચાર્યો અને સીઆરસી કો.ઓ.ને પ્રશ્નોત્તરી કરી તેમના દ્વારા શાળામાં કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરી હતી. DPEO મયુર પારેખે આગામી સમયમાં શાળામાં સુધારાત્મક પરિણામો માટે કામગીરી કરવા માટે જરૂરી સૂચનો કર્યા હતા.

## દાહોદના દે.બારીઆ, ધાનપુર અને ગરબાડા તાલુકા MGVCLની ચેકીંગ દરમિયાન ૧૨ લાખની વીજ ચોરી ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ, ધાનપુર તેમજ ગરબાડા તાલુકામાં એમ.જી.વી.સી.એલ. દ્વારા વીજ. ચેકિંગ દરમ્યાન ૧૨ લાખ ઉપરાંતની વીજ ચોરી ઝડપી પાડી વીજ ચોરી કરનાર ઈસમો વિરૂધ્ધ તપાસ હાથ ધરી છે. દાહોદ જિલ્લામાં વીજ કંપનીની ટીમે ચેકીંગ હાથ ધરતાં વીજ ચોરી કરનાર ઈસમોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા ધાનપુર અને ગરબાડા તાલુકાઓમાં દાહોદ ડિવિઝન અને વિજિલન્સની ટીમ દ્વારા વીજ ચોરીની ઘટનાઓને ઝડપી પાડવા માટે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા ધાનપુર અને ગરબાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં એમજીવીસીએલના ડિવિઝનની ૧૩ અને વિજિલન્સની છ ટીમો દ્વારા વીજ ચેકિંગ હાથ ધર્યું હતું. ડિવિઝનની ટીમો દ્વારા ત્રણ તાલુકાના વિવિધ ગામોમાં ૩૬૭ જ્યારે વિજિલન્સની ટીમે ૧૩૧ મળીને કુલ ૪૯૮ ઘરોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. ત્યારે ત્રણ તાલુકાઓમાં કુલ ૧૦૮ ઘરોમાં વિવિધ પ્રકારે વીજ ચોરી થતી હોવાનું સામે આવ્યું હતું અને ડિવિઝનની ટીમો દ્વારા ૮૨ જ્યારે વિજિલન્સ ની ટીમો દ્વારા ૨૬ સ્થળઓએથી વીજ ચોરી ઝડપી પાડી હતી અને વીજ ચોરી કરનારા લોકો પાસેથી ૧૨ લાખ ૯૫ હજાર રૂપિયાના દંડની વસુલાત કરી કાર્યવાહી કરવામાં આવી હતી. જેને લઈને વીજ ચોરી કરનારા તત્વોમાં ફફડાટ ફેલાવવા પામ્યો હતો.

## ગરબાડાના જેસાવાડાના કિરણસિંહ ચાવડાને કબીર કોહિનૂર એવોર્ડ આપી નવી દિલ્હી ખાતે સન્માન કરવામાં આવ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

વિશ્વ વંદનીય સંત સમ્રાટ સદગુરૂ કબીર નો ૫૦૫ મો મહા પરીનિર્માણ મહોત્સવ ભારતભૂષણ મહંત ડો.નાનકદાસ મહારાજ, અખિલ ભારતીય કબીર મઠ સદગુરૂ કબીર આશ્રમ સેવા સંસ્થાન બડી ખાટૂ નાગૌર રાજસ્થાન દ્વારા આયોજિત કબીર કોહિનૂર એવોર્ડ ૨૦૨૩ સમારોહમાં વિશ્વ શાંતિ દૂત ડો.લોકેશ મુનિ જી મહારાજ, અહિંસા વિશ્વભારતીનવી દિલ્હી તથા આચાર્ય ૧૦૦૮ વિચારધારાજી મહારાજ કબીર સમાધિ સ્થળ મગહર, રમેશચંદ્ર રતન ચેર પર્સન પીએસસી રેલવે બોર્ડ ભારત સરકાર ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી શ્યામ જાજુ, મહંત સુધીરદાસ શાસ્ત્રી અયોધ્યા ઉ.પ્ર. ડો.સૌરભ પાંડેય માનદ કુલપતિ બેબી સ્ટોન બાઈબલ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી ઝિમ્બાબ્વેની ઉપસ્થિતિમાં ભૂતવડ પ્રાથમિક શાળા વજેલાવ તા ગરબાડા જિ દાહોદ ના અને જેસાવાડા ના વતની કિરણસિંહ ચાવડાને ઉત્કૃષ્ટ શિક્ષણ, સમાજસેવા અને વ્યસન મુક્તિ અંગેની કરેલ કામગીરીને ધ્યાને લઈ ડો. બી આર આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર જનપથ રોડ નવી દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય કબીર કોહિનૂર એવોર્ડ ૨૦૨૩ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઈન્દ્રજીત શર્મા, અધ્યક્ષ, પંડિત તિલક રાજ શર્મા સ્મૃતિ વ્યાસ, અમેરિકા, ડો.પરીન સોમાની નિર્દેશક, લંડન કૌશલ્ય વિકાસ સંગઠન યુનાઈટેડ કિંગડમ, પદ્મ હિંમતરામ બાબુ, પર્યાવરણ પ્રેમી નાગોર, આચાર્ય સ્વામી પંકજ કુષ્ણજી મહારાજ, દિલ્હી પ્રાંત સાંસ્કૃતિક પ્રમુખ ,ધર્મ જાગરણ સમન્વયે આરએસએસ પીઠાધીશ્વર યોગ સાધના કેન્દ્ર નવી દિલ્હી, મહંત નરેન્દ્ર નવી દિલ્હી જેવા મહાન વિભૂતિઓની ઉપસ્થિતિમાં વિશ્વના ૨૦૦ જેટલા વિશ્વ માનવો જેમાં વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારને કબીર કોહિનૂર એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કિરણસિંહ ચાવડાને આ એવોર્ડ મળતા તેઓએ સમાજ ગામ તાલુકો જીલ્લો અને ગુજરાત રાજ્યનું ગૌરવ વધારેલ છે.



વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ દાહોદ જીલ્લા દ્વારા, જીલ્લા નો બીજો ત્રિશૂળ દીક્ષા અને શૌર્ય પદ યાત્રાનો કાર્યક્રમ ગરબાડા પ્રખંડ ના જેસાવાડા ગામ માં થયો હતો. જે કાર્યકમ માં ૭૭૫ ત્રિશૂળ દીક્ષાર્થી એ હિન્દુ રાષ્ટ્ર માટેનો સંકલ્પ લીધો હતો.

## ABVP દાહોદ જિલ્લા દ્વારા છાત્ર હુંકાર નામથી જિલ્લા છાત્ર સંમેલન કાર્યક્રમ યોજાયો

દાહોદ,

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો દાહોદ જિલ્લા દ્વારા છાત્ર હુંકાર નામથી જિલ્લા છાત્ર સંમેલન કાર્યક્રમ દાહોદ નગરના પંડિત દિન દયાળ ઓાડિટોરિયમ હોલ ખાતે યોજવામાં આવ્યું.

જેમાં વિવિધ વિષયો ઓર માર્ગદર્શન, વર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિ અને વર્તમાન સામાજિક પરિસ્થિતિ ના વિવિધ વિષય પર પ્રસ્તાવ પણ પારીત કરવામાં આવ્યું તેમજ દાહોદ નગરમાં શોભાયાત્રા અને જાહેર સભા પણ યોજવામાં આવે જેમાં વિવિધ વિષય પર છાત્ર નેતા ભાષણ પણ થયા હતા.




અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ૭૫ વર્ષ માં પ્રવેશ કરે છે. ત્યારે સમગ્ર ભારતના તમામ જિલ્લા માં છાત્ર હુંકાર છાત્ર સંમેલન થવા જઈ રહ્યા છે. ત્યારે આજ રોજ દાહોદ જિલ્લામાં પણ જિલ્લા છાત્ર સંમેલન છાત્ર હુંકાર નામ થી યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ પૂર્વ જીપીએસસી ચેરમેન ડો.દિનેશભાઈ દાસા, અ.ભા.વિ.પ. રાષ્ટ્રીય શોધ કાર્ય ના સહસંયોજક જયોતિબેન જયસ્વાલ,અ.ભા.વિ.પ. રાષ્ટ્રીય કારોબારી સદસ્ય નીશિત વરીયા,અ.ભા.વિ.પ. વડોદરા અને પંચમહાલ વિભાગના સંગઠન મંત્રી ગૌતમભાઈ ગામિત, પંચમહાલ વિભાગના સંયોજક જયભાઈ પાઠક, દાહોદ જિલ્લા પ્રમુખ ડો.શ્રેયસ પટેલ અને જીલ્લા સંયોજક સિધ્ધાર્થ ખપેડ ઉપસ્થિત રહ્યા ઉદઘાટન સત્ર કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના ખૂણે ખૂણે થી ૪૦૦ થી વધુ છાત્ર શક્તિ એકત્રીત થઇ હતી. કાર્યક્રમમાં ઉદઘાટન સત્ર,શોભાયાત્રા અને જાહેરસભા નું અયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લાની વર્તમાન શૌક્ષણિક સમસ્યાઓ જેવી કે, (૧) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણના સાથે સાથે દાહોદના વિસ્તારમાં વિદ્યાર્થી પોતાના કૌશલ્યો ને અનુરૂપ રોજગાર મેળવી શકે તેવા પ્રયાસો શરૂ કરવામાં આવે. (૨) દાહોદ જિલ્લામાં સ્કૂલ, કોલેજની છાત્રાવાસમાં સંખ્યામાં વધારો કરવામાં આવે તેમજ જર્જરિત બિલ્ડિંગ સુધારવામાં આવે. છાત્રાવાસમાં પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. તેમજ જિલ્લા કેન્દ્ર પર સમરસ છાત્રાવાસ પણ બનાવવામાં આવે. (૩) દાહોદ જિલ્લામાં B.C.A., B.B.A., M.C.A., M.B.A. તેમજ અનુસ્નાતકની સરકારી કોલેજ બનાવવામાં આવે. (૪) જિલ્લામાં કોલેજમાં ટીચિંગ અને નોન ટીચિંગની ઘાટ છે, તેમજ સ્કૂલમાં પણ શિક્ષકોની ઘટ છે. જેને ત્વરિત ભરવામાં આવે. (૫) દરેક સ્કૂલ અને કોલેજમાં P. T. સ્પોર્ટ્સ ટીચસની ઘટ છે, માટે ત્વરિત ભરતી કરવામાં આવે. (૬) દાહોદ જિલ્લો એ અંતરિયાળ અને જંગલ વિસ્તાર હોવાથી છેવાડાના ગામડાથી મુખ્ય મથક દાહોદ સુધી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અને સ્થાનિક લોકો માટે પણ ઘણી મુશ્કેલીઓ પડે છે. ST બસ સુવિધાઓની સંખ્યામાં વધારો થાય તેમજ વિદ્યાર્થીઓના સમય મુજબ એના ગામ સુધી જાહેર પરિવહન ની વ્યવસ્થા કરવામાં આવે. અને વર્તમાન સામાજિક પરિસ્થિતિ જેવી કે, (૧) દાહોદ જિલ્લાના યુવાનો સાવલંબી બની શકે તે હેતુ થી વધુમાં વધુ ઔદ્યોગિક વિકાસલક્ષી સુવિધાઓ સેન્ટરો, પ્રોજેક્ટો તથા યોજનાઓ લાગુ પાડવામાં આવે તેવી માંગ કરે છે. (૨) ભૌગોલિક અને કુદરતી સંશાધનોને ધ્યાને લઈ રોજગારલક્ષી વ્યવસાયોનો વિકાસ સ્થાનિક સ્તરે થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. (૩) દાહોદ જિલ્લાના વિસ્તાર એ જંગલ તેમજ પહાડોનો વિસ્તાર છે. આ વિસ્તારના ઘણા બધા ગામોમાં હજુ પણ નેટવર્કર વગરના છે ને જ્યાં છે, ત્યાં સરખું નેટવર્કર નથી રહેતું માટે મોબાઈલ નેટવર્કરની પૂરતી સુવિધાઓ ઉભી કરવામાં આવે. (૪) દાહોદ જિલ્લો એ પર્યટનની દૃષ્ટિએ ખૂબ પ્રખ્યાત છે. રોજગારી વધારવા માટે પ્રવાસનક્ષેત્રની નિર્ણાયક ભૂમિકા રોજગારીની નવી તકો ઊભી થશે. આદિવાસીઓ માટે ગૌરવના સ્થળો અને આસ્થાના સ્થળોનો વિકાસ પ્રવાસનને ઘણું પ્રોત્સાહન અપાશે. જે એ આવકાર્ય છે. પણ સ્થાનિક લોકોને વધુ રોજગારી મળે તેમજ સ્થાનિક જનહિતને ધ્યાનમાં રાખી એનો વિકાસ કરવો જોઈએ. (૬) દાહોદ જિલ્લાના યુવાઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે જિલ્લા બહાર કોચિંગ માટે જવું પડે છે, માટે જિલ્લામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગ કલાસ દરેક તાલુકામાં ચાલુ કરવામાં આવે. (૭) દાહોદ જિલ્લાના યુવાઓ ખેલ ક્ષેત્રે આગળ પડતા છે. દરેક તાલુકામાં રમત ગમત માટે ગ્રાઉન્ડ તેમજ પૂરતી સુવિધાઓ ઉભી કરવામાં આવે. રમત-ગમત ક્ષેત્રે પોતાનું યોગદાન આપે તે માટે તાલીમ લઈ શકે તેવા રમત- ગમતના મેદોનો તીરંદાજી (અર્ચરી)ની તાલીમ માટે કેન્દ્ર. (૮) જિલ્લામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે દરેક તાલુકા સ્તરે લાઈબ્રેરી તમે ફ્રી કોચિંગ કલાસ ચલાવામાં આવે અને વિદ્યાર્થીઓ ને સ્ટાર્ટપ તરફ માર્ગદર્શન આપવામાં આવેવી અભાવિપ દાહોદ જિલ્લા સંમેલન માંગ કરે છે. જેવા વિવિધ વિષયો પર પ્રસ્તાવો પણ પારીત કરવામાં આવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.142

# શહેરાના હાંસાપુર ગામના તળાવ પાસે ઝાડી ઝાંખરા માંથી ત્યજી દેવાયેલ બાળક મળી આવ્યું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના હાંસાપુર ગામના તળાવ પાસે આવેલા ઝાડી-ઝાંખરા માંથી આશરે ૧૫ દિવસનું ત્યજી દીધેલું બાળક મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. એક નાગરિકને આ બાબત ધ્યાને આવતા તેમને તાત્કાલિક ૧૦૮ સેવાને જાણ કરી હતી. હાલ આ બાળક સરકારી હોસ્પિટલ ખાતે લાવીને સારવાર હેઠળ રાખવામા આવવા સાથે બાળકની માતા ભદ્રાલા ગામની હોય અને અસ્થિર મગજની હોવાનુ જાણવા મળેલ હતું.

શહેરા તાલુકાના હાંસાપુર ગામે આવેલા તળાવ વિસ્તારમાં એક બાળક રડતુ હોવાનું ધ્યાને આવતા એક નાગરિકે તાત્કાલિક તેને ૧૦૮ની ટીમને જાણ કરી હતી. તળાવ ખાતે ૧૦૮ આવી જતા બાળકને સારવાર માટે શહેરા તાલુકા મથક ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યુ હતું. મળી આવેલા બાળકની તબિયત સારી હોવા સાથે નર્સ દ્વારા તેની સારસંભાળ રાખવામા આવી રહી છે. રેફરલ હોસ્પિટલના ડોક્ટર દ્વારા પોલીસને સમગ્ર બનાવવાની જાણ કરવામાં આવી હતી. પોલીસ મથક ના પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપૂત પાસેથી જાણવા મળેલ મુજબ આ બાળક ભદ્રાલા ગામના પગી ફળિયામાં રહેતા ભીમાભાઈ પગીનું બાળક હોવાનું સામે આવવા સાથે બાળકની માતા મનીષાબેન અસ્થિર મગજની હોવાથી તેને બાળકને આ રીતે મુકી દીધુ હતું. આ બાળકના પિતા ભીમાભાઇ અને તેમનો પરીવાર રેફરલ હોસ્પિટલ ખાતે હાજર જોવા મળી રહ્યો હતો. હોસ્પિટલ ખાતે બાળકની તબિયત સારી હોવા સાથે નર્સ દ્વારા બાળકની સાર સંભાળ પણ રાખવામાં આવી રહી છે. જોકે, હજુ પણ બાળકની માતા મનીષા મળી આવી નથી. પોલીસ તંત્ર દ્વારા બાળકની તબિયત એકદમ સારી થયા બાદ બાળકને તેના પરિવારને સોંપવામાં આવશે હાલ તો આ સમગ્ર મામલો ચર્ચાનો મુદ્દો તાલુકા પંથકમાં બની જવા પામ્યો હતો. જે રીતે બે દિવસ પહેલા પણ બસ સ્ટેન્ડના કચરાપેટી પાસેથી ભ્રૂણ મળી આવ્યા બાદ ફરી એક વખત ત્યજી દીધેલ બાળક મળી આવતા તંત્ર દ્વારા પણ આ બાબતને ખૂબ જ ગંભીર થતી લેવામાં આવી છે. સાથે ફરી આવી ઘટના ન બને તેના માટે સંબંધિત તંત્ર દ્વારા યોગ્ય તપાસ પણ કરવામાં આવી છે.

# ગોધરા વિશ્વકર્મા ચોક ખાતે ભુર્ગભ ગટર ઉભરાતા ગંદા પાણી રોડ ઉપર ફેલાયા



ગોધરા,

ગોધરા શહેરમાં આવેલા વિશ્વાકર્મા ચોક ખાતે ભૂગર્ભ ગટર ઉભરાતા રોડ ઉપર ગંદા પાણીની રેલમછેલ જોવા મળી રહી છે. ગટરનું ગંદુ પાણી રસ્તા પર ફરી વળતા સ્થાનિક દુકાનદારો સહિત રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

ગોધરા શહેરના મધ્યમાં આવેલ વિશ્વકર્મા ચોકમાં ભૂગર્ભ ગટર લાઈનમાં ભંગાણ સર્જાતા તેની આસપાસ આવેલ હોસ્પિટલ, લેબોટરી, કપડાની દુકાનો,ખાણી પાણીની દુકાનોનાં દુકાનદારો તેમજ સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જેના કારણે આ માર્ગ ઉપરથી અવર જવર કરતા રાહદારીઓ અને વાહન ચાલકોને અતિશય દુર્ગંધ યુક્ત પાણીમાંથી પસાર થવા મજબૂર બનવું પડે છે. જેના કારણે શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે. ગંદા પાણીના કારણે મચ્છરજન્ય રોગચાળો વકરવાની પણ દહેશત સેવાઈ રહીં છે. નગરપાલિકા તંત્રને જાણ કરવા છતાં પણ આ સમસ્યાનું કોઈ નિરાકરણ કરવામાં આવેલ નથી. જેથી નગરપાલિકાએ આ બાબતે સત્વરે ધ્યાન લઈને યોગ્ય પગલા લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ખરસાલીયા સુબ્રમનીયન સ્લીપર કંપનીમાં કામ કરતા કામદારોના શૌચાલય ગંદકીથી ખદબદે છે



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

સુબ્રમનીયન ખરસાલીયા રેલવે સ્ટેશનની બાજુમાં રેલવે સ્લીપર બનાવતી સુબ્રમનીયન કંપનીમાં કામ કરતા કામદારો માટે બનાવેલ શૌચાલય ગંદકી થી ખદબદ હોવાથી કામદારોની કફોડી હાલત ખરસાલીયા રેલવે સ્ટેશન પાસે રેલવે સ્લીપર બનાવતી સુબ્રમનીયન કંપનીમાં કામ કરતા કામદારોને કુદરતી હાજાત માટે બનાવેલ શૌચાલયની કંપની દ્વારા સાફ સફાઈ નહી કરાવતા હોવાથી કામદારોને કુદરતી હાજાત માટે જવા માટે અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે. ખરસાલીયા રેલવે સ્લીપર બનાવતી સુબ્રમનીયન કંપનીમાં સફાઈ કર્મીનો અભાવ હોવાના કારણે શૌચાલય ગંદકી થી ખદબદે છે અને કામદારોને કુદરતી હાજત પુરી કરવા જવા માટે ખદબદતી ગંદકીનો સામનો કરવો પડે છે, તો બીજી તરફ સુબ્રમનીયન કંપનીમાં કામ કરતા કામદારોની પડતી સમસ્યાઓ કંપની માલીક તેમજ મેનેજર દ્વારા સાંભળવામાં આવતી નથી. તેમજ તેની તપાસ પણ કરવામાં આવતી નથી અને સુબ્રમનીયન કંપનીના માલીક અને મેનેજર માત્ર ઓફીસમાં બેસી કામદારો પાસે મેહનત મજૂરી કરાવી પોતાના રોટલા સેકતા હોય તેવું લાગી રહયું છે. જેથી રેલ્વે સ્લીપર બનાવતી સુબ્રમનીયન કંપનીના માલીક કંપનીની મુલાકાત લઈ કામદારોને પડતી મુશ્કેલીઓ દૂર કરે અને કંપની માલીક અને મેનેજર પોતે કુદરતી હાજાત માટે જે રીતે સ્વચ્છ અને સુંદર શૌચાલય વાપરે છે. તે રીતે કામદારોને સ્વચ્છ અને સુંદર શૌચાલય આપે તે જરૂરી બન્યું છે. જેથી હવે એ જોવાનું એ રહયું કે સુબ્રમનીયન કંપની કામદારોને કેટલા સમયમાં સ્વચ્છ અને સુંદર શૌચાલય આપશે તે જરૂરી છે.

# ગોધરા સાંઈબાબા આરોગ્ય ટ્રસ્ટ, લાયન્સ કલબ અને અન્નપૂર્ણા દ્વારા કેવડીયા આઈ કેમ્પ અને ચશ્માનું વિતરણ કરાયું



ગોધરા,

સાંઈબાબા આરોગ્ય સેવા ટ્રસ્ટ ગોધરાના ડોક્ટર યોગેશ જોષી, લાયન્સ કલબ ગોધરા, વિઝન ઓપ્ટિક, અન્નપૂર્ણા ટ્રસ્ટના સહયોગથી કેવડિયા ખાતે આઈ કેમ્પ, મફત ચશ્મા વિતરણ તથા કપડા વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઈ કેમ્પમાં ૨૮૦ દર્દીઓને તપાસીએમાંથી ૧૬૭ દર્દીઓને મફત ચશ્માં આપવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે અમુક દર્દીઓને સિવિલમાં રિફર કરવામાં આવ્યા હતા. અન્નપૂર્ણા ટ્રસ્ટના સહયોગથી જરૂરિયાત મંદોને મફત કપડા આપવામાં આવ્યા હતા. ડોક્ટર યોગેશ જોશી તથા તેમના ધર્મ પત્ની એસ્ટ્રોલોજર પ્રીતિબેન જોશી દર વર્ષે વિદેશમાંથી પોતાના વતનમાં આવી સમાજસેવાનું અનન્ય કામ કરી રહ્યા છે. આરોગ્ય, શૈક્ષણિક, જરૂરિયાત મંદોને ભોજન, કપડા, શિયાળાની ઋતુમાં સ્વેટર ધાબળા વગેરેનું વિતરણ કરી માનવસેવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે.

# હાલોલના માંડવી ગામે બુલેટ ચાલકે ફોર વ્હીલ પાછળ અથડાવી દઈ પોતાને તેમજ પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ

હાલોલ,

હાલોલના માંડવી ગામે રોડ ઉપર બુલેટ ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી ફોર વ્હીલ સાથે પાછળથી અથડાઈ જતાં પોતાને તેમજ પાછળ બેઠેલ વ્યકિતને મોઢાના ભાગે તથા શરીરે ઈજાઓ કરી દવા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલના માંડવી ગામે રોડ ઉપરથી પશ્વિનભાઈ રતનાભાઈ રાઠવા પોતાની બુલેટ પુરઝડપે હંકારી લાવી આગળ ચાલતી ફોર વ્હીલ ગાડીને પાછળ થી અથડાઈ જતાં બુલેટ સાથે રોડ ઉપર પડી જઈ પોતાને તેમજ પાછળ બેઠેલ જગદીશભાઈ રમેશભાઈ રાઠવાને મોઢાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચાડતા દવા સારવાર હેઠળ ગુન્હો કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલ એમ.એમ.ગાંધી કોલેજ વાર્ષિક શિબિરમાં તરવડા ખાતે સાઈબર ક્રાઈમ વિશે નિષ્ણાત ઉમેશ વણઝારા દ્વારા માહિતી આપવામાં આવી



કાલોલ,

શ્રી એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કાલોલ દ્વારા આયોજિત રાષ્ટ્રીય સેવા યોજનાના વાર્ષિક કેમ્પમાં વક્તા અને મહેમાન તરીકે ઉમેશ વણઝારા હાજર રહ્યા હતા. પરમ પૂજ્ય કાલોલ કોલેજના આચાર્ય વ્યાસ અને ક્ષતતના પ્રોગ્રામ ઓફિસર ડો. મયંક શાહ અને હરેશ સુથાર કાલોલ કોલેજ પરિવારનો હદય થી ધન્યવાદ કે આ મોકો મને આપ્યો. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થી જોડાયા હતા. આ કાર્યક્રમમાં મને વક્તા તરીકે સાયબર ક્રાઈમ અને તેના અવેરનેસ વિષય આપ્યો હતો.

આજનો યુવા જેમ સોશિયલ મીડિયા અને સાયબર ગુનાનો શિકાર બની રહ્યો છે. ત્યારે સાયબર ક્રાઈમ શું છે. તેનામાં સાનો સમાવેશ થાય છે. તેની ઊંડી માહિતી આપી હતી. કયા પ્રકાર સાયબર ફ્રોડમાં મની લોન્ડ્રિગ જોબ ફ્રોડ ફિશીંગ ડેટા થેપ્ત ઈ મેઈલ પ્રૂફિંગ ડેટા હેકિંગ જેવા ઘણા પ્રકારો વિશે ઊંડી ચર્ચા અહીં કરવામાં આવી હતી. ઉપરાંત તેનાથી તથા ગુના બચવા માટે સરકાર બનાવેલા કાયદા આઈટી એક્ટ અને તેની કલમોનું વિશેષ માહિતી આપી હતી. ઉપરાંત પોકસો એક્ટ અને ચાઈલ્ડ પોર્નોગ્રાફી સાથે સંકળાયેલી બાબતો પર ઊંડી માહિતી આપી હતી અને આજના સમયમાં યુવાનો આના માટે કઈ રીતે જાગૃત રહેવું જોઈએ તે પણ બતાવવામાં આવ્યું હતું. ઉપરાંત તેની માટે સરકાર બનાવેલ હેલ્પ લાઈન નંબર અને તેના ઉપયોગ તેની વેબ સાઈટ વિશે પણ સમજાવાયું હતું.

કાલોલ કોલેજ પરિવાર દ્વારા સ્વાગત અને મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું તે બદલ ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું. ઉપરાંત અંતે બધા અલ્પાહાર અને ભોજન લઈને છુટા પડ્યા હતા.

# કાંકણપુર આર્ટસ અને કોમર્સ કોલેજમાં સી.ડબ્લ્યુ.ડી.સી. વિભાગ દ્વારા એક દિવસીય પરિસંવાદ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ખાતે આવેલ જે.એલ.કે.આર્ટ્સ અને એસ.એચ. ગાર્ડી કોલેજ ખાતે કોલેજના આચાર્ય ડો. જે.એન શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સી.ડબ્લ્યૂ.ડી.સી વિભાગ દ્વારા એક દિવસીય પરિસવાંદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ આજની નારીઓની સમસ્યાઓ અને સમાધાન વિષય ઉપર હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સોનલબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધારે વિદ્યાર્થીનિઓ ઉત્સાહભેર હાજર રહી હતી. તેમને આ કાર્યક્રમમાં નારીઓને પડતી મુશ્કેલીઓ તેમજ કોઈ બનાવ કે ઘટના બને તો તેને ડર્યા વગર તેનો કઈ રીતે સામનો કરવો ?તમને કાયદકીય તેમજ હેલ્પલાઈન નંબર શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ શારીરિક, જાતીય, માનસિક કે આર્થિક કોઈપણ બાબતમા સતામણી, હિંસા કે અન્યાય બાબતે. સ્ત્રી ભ્રુણ હત્યા, સાયબર ગુનાઓ, લગ્ન જીવન અને અન્ય સંબંધોના વિખવાદો, તેમજ કાનૂની જોગવાઈઓની પ્રાથમિક માહિતી ઉપરાંત અન્ય પ્રકારની મુસીબત માંથી રેસ્ક્યુ કરીને સલામત કરવાનો છે. આ સેવાના માધ્યમથી મહિલાને તાત્કાલિક બચાવ, મદદ ફોન પર માર્ગદર્શન તેમજ લાંબા અને ટૂંકાગાળાના કાઉન્સેલિંગ જેવી સેવા થકી હકારાત્મક રીતે મહિલાઓની જે તે સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે છે. જેવી વગેરેની વિસ્તુત માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ વિદ્યાર્થીનિઓને તેમની મુંજવણ અંગે પ્રશ્નો પુછીને સવાલ જવાબ કર્યા હતા.

# ગોધરા એસ.ટી. બસ સ્ટેન્ડ ઉપર હુમલો કરતી મહિલાની પોલીસે અટકાયત કરી

ગોધરા,

ગોધરા લાલબાગ એસ.ટી.બસ ડેપો ઉપર હુમલો થવાની વર્ધી મળતા પોલીસ સતર્ક બની હતી અને પોલીસે ગણતરીના કલાકો માં જ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમમાં વર્ધી લખાવનાર મહિલાની પોલીસે અટકાયત કરી હતી. પોલીસ ની પુછપરછમાં મહિલા માનસિક રીતે અસ્વસ્થ હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ મામલે જરૂરી નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

સોમવારે સવારના નવ વાગ્યાના અરસામાં જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ખાતે ટેલિફોનિક વર્ધી મળી હતી કે, ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડ અને વડોદરાના બસ સ્ટેન્ડ પર હુમલો થવાનો છે. તે પ્રકારની વર્ધી મળતા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી અને જિલ્લા કંટ્રોલ રૂમ માંથી જે વર્ધી શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. જેના પગલે પોલીસની ટીમો પણ દોડતી થઈ ગઈ હતી. વર્ધી આપનાર મહિલાએ પોતાના નામજોગ વર્ધી લખાવતા પોલીસ તેના નિવાસ સ્થાને પહોંચી ગઈ હતી અને તેનું નામઠામ પૂછતાં પોતાનું નામ ક્રીનલબેન વિપુલભાઈ શાહ રહે, જાફરાબાદ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસ મહિલાને વધુ પુછપરછ મટે શહેર એ ડિવિઝન પોલીસ મથકે લઈ આવી હતી અને જ્યાં વધુ પુછપરછ દરમ્યાન બહાર આવ્યું હતુ કે, મહિલા પોતે છેલ્લા એક વર્ષ થી ઉપરાંતના સમય થી પોતાના પતિ થી અલગ રહે છે અને પોતે અસ્વસ્થ હોવાનું જણાવ્યું હતું. મહિલાએ પોલીસ સમક્ષ એવી પણ કબૂલાત કરી હતી કે, અમારા મહારાજ હરિરાયજી એ યૂટ્યૂબ દ્વારા કોન્ટેક્ટ કરીને જણાવેલ છે કે ગોધરાના લાલબાગ એસટી સ્ટેન્ડ અને વડોદરાના મુખ્ય એસટી સ્ટેન્ડ પર હુમલો થવાનો છે. તે પ્રકારની જાણ થતા મેં ગોધરા પોલીસને જાણ કરી હોવાનું જણાવ્યું હતું.

# પંચમહાલ DPEOએ ૩૧ રજા જાહેર કરી, અન્ય જિલ્લાઓમાં ૨૩ થી ૨૫

## પ્રાથમિક શાળાઓમાં જાહેર રજાઓની સંખ્યા દરેક જિલ્લાઓમાં જુદી જુદી

અમદાવાદ,

રાજયની પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવતી જાહેર રજાઓમાં દરેક જિલ્લાઓમાં જુદી જુદી સંખ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. શિક્ષકો પાસેથી મળતી માહિતી મુજબ પંચમહાલ જિલ્લાના પ્રા.શિક્ષણાધિકારી દ્વારા વર્ષ-૨૦૨૩ માટે ૩૧ રજાઓ જાહેર કરવામાં આવી છે. જયારે અન્ય જિલ્લાઓમાં જાહેર રજાની સંખ્યા ૨૩ થી ૨૫ હોવાનુ જાણવા મળ્યુ છે. એટલુ જ નહિ, ઉનાળુ વેકેશનના દિવસો ૩૫ નકકી કરવામાં આવે છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં ૩૪ જાહેર કરાયા છે. ઉનાળુ વેકેશનના ૩૫ના બદલે ૩૪ દિવસ જાહેર કરાયા હોવા છતાં કુલ રજાઓનો આંકડો ૮૦ થી વધીને ૮૬એ પહોંચી જાય છે. આમ સ્કુલોની જાહેર રજાઓમાં આટલી મોટી ભિન્નતા જોઈ શિક્ષકો પણ અચરજમાં મુકાયા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જે શૈક્ષણિક કેલેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવે છે તે મુજબ જ મોટાભાગે પ્રાથમિક શાળાઓમાં પણ રજાઓ આપવામાં આવે છે. શાળાઓની રજાઓનો પરીપત્ર જે તે જિલ્લાના પ્રા.શિક્ષણાધિકારી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતો હોય છે. જેમાં વર્ષ દરમિયાન કુલ ૮૦ દિવસ રજાઓના ફળવાય છે. જેમાં ૩૫ દિવસ ઉનાળુ વેકેશન અને ૨૧ દિવસ દિવાળી વેકેશનના હોય છે. આ સિવાય રજા અને સ્થાનિક રજાઓ આપવામાં આવે છે. આમ દિવાળી અને ઉનાળુ વેકેશનના ૫૬ દિવસ બાદ કરાયા તો ૨૪ દિવસ બાકી રહે છે. આવા સંજોગોમાં પંચમહાલ ડીપીઈઓ દ્વારા તા.૧લી જાન્યુઆરી-૨૦૨૩ થી ૩૧મી ડિસેમ્બર-૨૦૨૩ સુધીની જાહેર રજાઓનુ લિસ્ટ ગત તા.૨૩ ડિસેમ્બર-૨૦૨૨ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ હતુ. જે યાદીમાં ઉનાળુ વેકેશન અને દિવાળી વેકેશન સિવાય ૩૧ રજાઓ જાહેર કરાઈ છે.

# પાવાગઢ પંચાયતના તલાટી સામે શિક્ષાત્મક પગલા ભરવા નોટિસ

હાલોલ,

પંચમહાલ જિલ્લા પંચાયતના શિસ્ત પાલન અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી મહેકમની ચાંપાનેર ગ્રામ પંચાયતની સરપ્રાઈઝ વિઝીટ દરમિયાન ગ્રામ પંચાયત ઉપર તાળા લગાવેલા જોવા મળતા તલાટી પ્રકાશ ચૌધરીને ટેલિફોન કરી ગ્રામ પંચાયત કચેરીએ આવવા જાણ કરવા છતાં આવ્યા ન હતા. વારંવાર ફોન કરવા છતાં ફોન સ્વિચ ઓફ કરી દેતા શિસ્તપાલન અધિકારીએ હાલોલ તાલુકા પંચાયતના વહીવટી અધિકારીઓને બોલાવી તેઓને સાથે રાખીને ગ્રામ પંચાયતનુ તાળુ તોડાવીને ગ્રામ પંચાયતના દસ્તાવેજોની ચકાસણી અર્થે કબ્જે કર્યા હતા. આ તમામ રેકર્ડની ચકાસણી કરતા અનેક ક્ષતિઓ એક સરકારી કચેરીમાં નિભાવવાના થતાં રેકર્ડ પ્રમાણે જોતા જણાઈ આવી હતી. વધુમાં સરકારી ફરજમાં બેદરકારી અને અનિયમિતતા જણાઈ આવતા શિસ્તપાલન અધિકારીને સરકારી રેકર્ડ સરકાર હસ્તકની કચેરી ખાતે ન રાખતા પોતાના હસ્તક રાખવા બદલ શિક્ષાત્મક પગલા ભરવા અંગે કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. અને તમામ હિસાબો ગોધરા કચેરીએ રજુ કરવા જણાવવામાં આવતા જિલ્લમાં પોતાની ફરજમાં ગુલ્લા મારતા તલાટીઓમાં ફફડાટ ફેલાયો છે.

# સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે આજે G20 અંતર્ગત વિવિધ માહિતી સભર કાર્યકમો યોજાશે

ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા દ્વારા ટેક્નિકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ G20 અંતર્ગત G20 અવેરનેસ પ્રોગ્રામ, Y20 અવેરનેસ પ્રોગ્રામ, U20 અંતર્ગત પંચમહાલ જિલ્લાના ટુરિઝમ અંગે પેનલ ડિસ્કશન અને અર્બન ડેવલોપમેન્ટની તકો અને પડકારો જેવા વિવિધ વિષયો પર સંસ્થાના અદયાપકો દ્વારા સંસ્થાના સેમિનાર હોલમાં સવારે ૧૧ વાગ્યાં થી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે પરિસંવાદ યોજાશે. જેમાં ગોધરા શહેર તેમજ પંચમહાલ જિલ્લાના રસ ધરાવતા વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોને ભાગ લેવા, માહિતી મેળવવા સંસ્થાના આચાર્ય પ્રો. એ.કે.પટેલ, G20 કોર્ડિનેટર પ્રો. હાર્દિક શુક્લ, પ્રો. અજય પટેલ વિગેરે દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે. પ્રો. હાર્દિક શુક્લ એ જણાવ્યું હતુંકે, ઉપરોક્ત કાર્યકમ દ્વારા સમગ્ર સંસ્થા તેમજ પંચમહાલ જિલ્લામાં G20 અંગેની જાગૃતિ આપી શકાશે.

# વેજલપુર પ્લેય સેન્ટર શાળા ખાતે ૧૧ ફેબ્રુઆરી રાહતદરે હિઝામા કેમ્પનું આયોજન

વેજલપુર,

વેજલપુર પ્લેય સેન્ટર શાળા ખાતે ૧૧ ફેબ્રુઆરીના રોજ રાહત દરે હિઝામા કેમ્પ યોજવામાં આવનાર છે. વેજલપુર ખાતે સત્ કૈવલ ફિજીયોથેરાપી સેન્ટર ભાગ્યોદય યુવા વિકાસ મંડળ તથા સર્વોદય વિકાસ ટ્રસ્ટ સંચાલિત પ્લેય સેન્ટર વેજલપુરના સહયોગથી ૧૧/૨/૨૦૨૩ને શનિવારના રોજ રાહત દરે હિઝામા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. હિઝામા કેમ્પમાં રજીસ્ટ્રેશન કરાવું ફરજીયાત છે અને આ કેમ્પ વેજલપુર હોળી ચકલા પ્લેય સેન્ટર શાળાના હોલમાં રાખવામાં આવ્યો છે.

# જાંબુઘોડામાં માનવભક્ષી દિપડાને પાંજરે પુરવા માંગ

જાંબુઘોડા,

જાંબુઘોડા જંગલ વિસ્તારમાં જંગલી પ્રાણીઓની તરસ છીપાવવા હોજ બનાવવામાં આવ્યા છે. જંગલમાં બનાવેલા હોજમાં પાણી ન ભરતા વન્યપ્રાણીઓ રહેણાંક વિસ્તારોમાં આવવા મજબુર બન્યા છે. જેથી રહેણાંક વિસ્તારોમાં દિપડાઓના હુમલાઓની ઘટનાઓમાં વધારો થયો છે.

તાજેતરમાં ધોરીવાવના બાળકને દિપડોએ હુમલો કરીને મારી નાંખ્યો હતો. તેમજ મુલધર ગામે ખેતરમાં બાળકને દિપડો ઉઠાવીને લઈને પીંસી નાંખ્યો હતો. આવા ગંભીર દિપડાના હુમલાઓ કરતા હોવા છતાં માનવભક્ષી દિપડો વન વિભાગ પકડી શકતુ નથી. દિપડાઓના આતંકથી સાંજ બાદ બોડેલીથી જાંબુઘોડા રોડ પર બાઈક ચાલક અવર જવર કરવાનુ ટાળી રહ્યા છે. દિપડાઓના હુમલાઓને લઈને ગ્રામજનોને ખેતરમાં જતા ડરી રહ્યા છે. તેથી ખેડુતોના પાકને નુકસાન થઈ રહ્યુ છે. જેથી માનવભક્ષી દિપડાને પાંજરે પુરવા ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

# પંચમહાલ જિલ્લાના ખેડૂતભાઈઓને પોતાના પાકનો ટેકાનો ભાવ મળી રહે તે માટે ઓનલાઈન નોધણી કરાઈ શરૂ

ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩મા ચાલુ સીઝનમાં તુવેર, ચણા અને રાયડાના ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજ્ય સરકાર મારફત કરવામાં આવેલ છે. હાલ તુવેર પાકનો ટેકાનો ભાવ રૂ.૬,૬૦૦/- કિવ.ચણા પાકનો ટેકાનો ભાવ રૂ.૫,૩૩૫/- કિવ.તેમજ રાયડા પાકનો ટેકાનો ભાવ રૂ.૫,૪૫૦/- કિવ. છે. આ અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા તા.૦૧.૦૨.૨૦૨૩ થી તા.૨૮.૦૨.૨૦૨૩ સુધી ગ્રામ્યકક્ષાએ VCE મારફતે તથા તાલુકા કક્ષાએ APMC ખાતે ઓનલાઈન નોધણી શરૂ કરવામાં આવેલી છે. જેનો લાભ લેવા પંચમહાલ જિલ્લાના ખેડૂત ભાઈઓને અનુરોધ અનુરોધ છે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.